તરબીયતે દુઆ.

Reg No 167

માનવંતા બોધ ગુરૂ પીર સદરદીન શીયા ઇમામી
ઇસ્માઇલી ખોજાઓ માટે ખાસ રચેલી રોજી દી
બંદગી "દુઆ" અને તેને પુરતી
સમજણ સાથે.

છપાવી પ્રગટ કરનાર

ધી શ્રી ક્રીએશન કેલ્ચર ઈન્સ્ટીટયુટ પ્રેસ ડીપાર્ટ-
મેન્ટના ઓ. સેક્રેટરી હુસેન શરીફ ધી ખોજા
લીથો પ્રીંટીંગ પ્રેસ, ૧-૪ ભીમપુરા ડોંગરી સ્ટ્રીટ
મુંબઈ નાં. ૯ માં છાપી ત્યાંથીજ પ્રગટ કરી.

આવૃતી ૭ મી] [નકલ ૫૦૦૦

સંવત ૧૯૮૨] કીમત રૂ. ૦)≡ આના [સને ૧૯૨૬

તરબીયતે ધુઆ.

માનવંતા બોધ ગુરૂ **પીર સદ્દરદીન** શીયા ઇમ.મા

ઇસ્માઇલી ખોજાઓ માટે ખાસ રચેલી રોજીંદી

બંદગી "ધુઆ" અને તેને પુરતી

સમજણ સાથે.

છપાવી પ્રગટ કરનાર.

ધી રીક્રીએશન કલબ ઇન્સ્ટીટયુટ પ્રેસ ડીપાર્ટ મેન્ટના ઓ. સેક્રેટરી હુસેન શરીફ ધી ખોજા સીંધી પ્રીંટીંગ પ્રેસ, ૧–૪ ભીમપુરા ડોંગરી સ્ટ્રીટ મુંબઇ નાં. ૯ માં છાપી ત્યાંથીજ પ્રગટ કરી.

આવૃતી ૭ મી] [નકલ ૫૦૦૦

સંવત ૧૯૮૨] કીંમત રૂ. ૦)= આના [સને ૧૯૨૬

યા અલી મદદ.

મદદે મવલા વ પંજેતન પાક.

પ્રકરણ ૧ લું.

—:o:—

ખાલકની ખુબી.

ચંદ્ર, તારા, પૃથ્વી, ગ્રહો વિગેરેની નિયમિત હીલચાલ પરથી વિચારવંત માણુસને તેના કર્તાનું ડહાપણ અને ખુબી સહેજમાં સમજાય છે. માણુસ જાતથી લઇ પશુ, પક્ષી, અને છેક આંખથી ન દેખાય તેવા અનેક જીવ જંતુના કર્તાએ સર્વના સુખ અને હૈયાતી માટે ઘણાંજ ચોકસ અને નિયમિત નિયમો બાંધ્યા છે, કે જેથી આ સૃષ્ટિનું ચક્ર ચાલ્યું જાય છે. એ નિયમને વધારે સ્પષ્ટ રીતે કુદરત કહેવામાં આવે છે જાણ્યે અજાણ્યે ગમે તે હાલતમાં કુદરત પોતાનું કામ કરે જાય છે બીજમાં વૃક્ષને વૃક્ષમાં બીજ, એ નિયમ અનંત કાળથી ચાલ્યો આવે છે. પૃથ્વી પર તેમજ બ્રહ્માંડમાં અનેક ફેરફારો થયા કરે છે. આ સર્વનો કર્તા અને કુદરતનો

બનાવનાર એકજ છે જેને અનેક નામથી બોલાવવામાં આવે છે. કર્તા એટલે ખાલક અને તેની બનાવેલ ચીજો મખલુક કહેવાય છે. આપણા સુખ અર્થે તે ખાલકે અનેક પ્રકારની વનસ્પતિ ફળ ફુલ વિગેરે આ પૃથ્વી પર પેદા કરેલ છે. તે પણ એટલે સુધી કે વધારે જરૂરની ચીજ વધારે જથામાં મળી શકે છે. દાખલા તરીકે આપણી હૈયાતી માટે પવન પાણીની મુખ્ય જરૂર છે. જે ફોગટ મળે છે કે જેના વગર પળ માત્ર પણ ચાલતું નથી, તેમજ ખાવા પહેરવા વિગેરેની વસ્તુ પુષ્કળ જથ્થામાં પેદા થાય છે. જેનો વધારે વિચાર કરતાં તે કૃપાળુની કૃપા સહેજે સમજાય છે. તે દરેકનું ભરણ પોષણ ગમે તેવી હાલતમાં કરે છે. આ સર્વ કાર્ય નિયમિતપણે બીલકુલ ગફલત વગર કરે જાય છે જે વગર આ સર્વ ખલકતની હૈયાતી સંભવેજ નહીં.

બંદાની ફરજ.

પરવરદિગાર સર્વ મખલુકાતનો રબ યાને માલિક છે અને આપણે તેના બંદા છીએ એ મુજબ આપણી અને તેની વચ્ચે માલિક અને બંદાનું સગપણ છે. તે આપણા ઉપર રબુબીયતનો હક ધરાવે છે. તેમ બંદા-પણાની ફરજ આપણા પર છે. ઉપર જણાવ્યા મુજબ તે પોતાની રબ તરીકેની ફરજ વગર ગફલતે કરે જાય છે. તેમ આપણે પણ બંદા તરીકેની ફરજ બજાવવા

ગફલત ન કરવી જોઇએ એ સાબીત થાય છે. આપણી ફરજની ગફલતને સબબે તે માલિકની ઇતરાજી ઉતરે અને તે સબબે કુદરત પોતાનું જોર કરવા ઇચ્છે, તો તેને દોષિત ગણ્યા પહેલાં પોતાની ભુલો જોવી જોઇએ અને તે સુધારવાને પોતાથી બનતો પ્રયત્ન કરવાને કોઇપણ જણે ચુકવું જોઇએ નહીં.

દરેક મનુષ્યની ફરજ છે કે પોતાની બંદાપણાની (અબુદિયતની) ફરજ દરરોજ નિયમિત રીતે અદા કરવી જોઇએ, નહીં તો તેમાં જેટલી ગફલતી તેટલી નુકશાની તેને ખમવી પડે છે.

એ મુજબ દરેક કોમના ધર્મગુરૂ પેશવા પોતાની ઉમ્મત પરની ફરજ અદા થાય એવી બંદગી ઘડી આપે છે અને તે બંદગી ગુજારવાનો યોગ્ય વખત મુકરર કરી ખુદાઇ રસ્તા ઉપર દોરે છે.

રોજીંદા બંદગીની જરૂર.

બંદા તરીકેની ફરજ અદા કરવા તરીકે રોજીંદા બંદગીની જરૂર છે એટલુંજ નહીં પણ જીવપટ પર ચડતો અનેક કર્મો રૂપી મેલ ધોવાને માટે પણ રોજીંદા બંદગીની જરૂર છે.

આપણો જીવ બગીચાનાં એક ઉત્તમ ફળદાયક કોમળ છોડ જેવો છે, જેમ છોડની દરરોજની સંભાળ રાખવામાં ન આવે, ઘાસ વિગેરે કચરો કહાડવામાં ન આવે, અગર પાણી ન પાવામાં આવે તો તે છોડના ઉન્નતિ થતી નથી, તેમ જો આપણા જીવને બંદગી રુપી જળ સીંચવામાં ન આવે, કામ, ક્રોધ, વિગેરે જેવા પંજણુ રુપી ઘાંસ કહાડવાની સંભાળ રાખવામાં ન આવે તો તે અંતે અધોગતીને પામે છે.

મનુષ્યનો દરેક વિચાર, કૃત્ય, સંસ્કાર ઉત્પન્ન કરે છે. જેનો શંચય થયાં કરે છે, જેના ઉપર સારાં અગર નરસાં ભવિષ્યનાં નશીબોનો સઘળો આધાર રહે છે. હઈવી સંસ્કાર વર્તમાન કાળમાં, અને વર્તમાન કાળના સંસ્કાર ભવિષ્ય કાળમાં અવસ્ય ભોગવવા પડે છે.

જેમ વપરાતાં કપડાંપર દરરોજ મેલ ચડે જાય છે, તેમ દરેક પળનો અવિચાર રુપી મેલ કપડાં રુપી જીવ પર ચડે જાય છે. એ રીતે જીવને અનેક રીતે વેઠવું પડે છે. અને અનેક અકર્મો રુપી મેલમાં સંતાઇ રહે છે, કે જેથી પોતાને ઓળખવો પણ બહુ મુશકેલ થઇ પડે છે.

જેમ કપડાંને હમેશાં સાફ કરવામાં ન આવે તો વધારે મેલાં થઇ કાળા થઇ જાય છે, તેમ આપણા જીવ

સંબધે પણ બને છે, માટે દરરોજ જીવને સાફ કરવા રોજીંદા બંદગીની ખાસ જરુર સમજાય છે.

કેટલાક ગુનાહ ફકત તોબાહ અને શોચ કરવાથી માફ થઇ જાય છે, એમ મહાન પુરૂષોનું કહેવું છે, અને કેટલાએક ગુનાહો ધોવા માટે તોબાહ સાથે ખુદાવંદતઆલાની બંદગી રુપી સાબુની જરૂર પડે છે. માણસ ભુલોથી ભરેલો છે, પાક જાત માત્ર ખુદાની છે. માણસ સવારથી સાંજ સુધી અજાણપણે અનેક માનસીક ગુનાહો કરે છે, તે ગુનાહો માટે તો રોજીંદા બંદગી કરી ખુદાની રહેમત માંગવાની જરૂર છે. જેમ કોઇ મકાનને સાફસુફ રાખવામાં ન આવે તો અવાવરૂ પડી રહી ઝેરી જીવોનો વાસ થાય છે તેમ આપણા જીવને સવાર સાંજ બંદગી રુપી પાણીથી સાફ કરવામાં નહીં આવે તો તેમાં કામ, ક્રોધ, મોહ જેવા મહા મત્સર પેદા થાય છે.

પહેલે પગથીયે ચડયા વગર બીજે ચડાતુ નથી.

ઇસ્લામમાં હિદાયત મેળવવાના ચાર તરીકા કહેલા છે.

૧ શરીયત ૨ તરીકત ૩ હકીકત ૪ મારફત.

શરીયત અને તરીકત તે કર્મ યોગ જેવાં તરીકા છે.

તે પુર્ણ રીતે પાળવાથી હકીકત પ્રાપ્ત થાય છે, અને ત્યાર બાદ મારફત સુધી પહોંચી શકાય છે.

શ્રી કૃષ્ણ પરમાત્માએ પણ ગીતામાં મુક્તિ મેળવવાનાં ત્રણ યોગ કહેલા છેઃ—

૧ કર્મયોગ ૨ ભક્તિયોગ ૩ જ્ઞાનયોગ.

જ્ઞાનયોગ અને મુક્તિને છેટું નથી જો માણસ **જ્ઞાનયોગ** સુધી પહોંચે તો તે મુક્ત થઇ જાય છે. પણ તેટલી હદ સુધી પહોંચવાને તેવા કર્મ કરવા પડે છે એકદમ **જ્ઞાનયોગ** સુધી પહોંચવું બહુ મુશ્કીલ છે, માટેજ **કર્મયોગ** વધારે ઉત્તમ કહેલ છે.

જેમ પહેલે પગથીએ ચડયા પહેલાં ત્રીજે પગથીએ ચડવું અસંભવિત છે તેમ **શરીયત** અને **તરીકત** પાળવા વિના **મારફતે** પહોંચવું અઘરૂં થઇ પડે છે.

એ મુજબ દરેક ધર્મગુરૂઓ પોતાની ઉમ્મત ન પહેલા પગથીઆ રૂપી બંદગી વિગેરે ચોકસ નિયમે બાંધી આપે છે. જેમ અભ્યાસી પહેલાં દરેક ધોરણના વિષયો પુર્ણ રીતે સમજી યાદ કરી, પરીક્ષામાં પાસ થઇ આગળ ચાલી શકે છે, આગળ વધ્યા પછી પણ તે કરેલા કર્મો યાદ રાખવા જોઇએ છે, તેમ મારફત સુધી પહોંચવા તેમજ પહોંચેલાને પણ નીચેનાં ધોરણ પાળવા આવશ્યક છે. જો નિયમિત અને પુર્ણ કાળજીથી મહેનત

લઇ પુર્ણ રીતે પાળવામાં આવે તો પોતાની મકસદને જલદી પહોંચી શકાય છે.

હરેક કોમની માફક આપણને પણ આપણા બોધ-ગુરૂ **પીર સદરદીને** મહાન ઝહેમત ઉપાડી રોજીંદી બંદગી ઘડી આપી છે, જે આપણે હમેશાં વખતસર ગુજારવી જોઇએ.

એ મુજબ આપણે જોયું કે રોજીંદા બંદગી બજા-વવાનો ફરજ ત્રણ કારણસર દરેક પર આવી પડે છે.

(૧) પોતાની બંદાપણાની ખુદા પ્રત્યેની ફરજ અદા કરવા માટે.

(૨) જીવને દરરોજ તે પર ચડે જતા ગુનાહો રૂપી મેલથી સાફ રાખવા તેમજ અગાઉ થઇ ગયેલા ગુનાહો ધોવા માટે.

(૩) છેવટનો મકસદ એટલે **મારફત** સુધી પહોંચવા પહેલું પગથીયું અગર ધોરણ ચડવા માટે.

એ મુજબ ત્રણ કારણસર દરેક ઉપર નિત્ય નિય-મિત બંદગીની ખાસ જરૂર છે. જેની જેટલી ગફલત તેટલી નુકશાની જીવને પહોંચાડવામાં આવે છે તે નક્કી વાત છે.

———:૦:———

પ્રકરણ ૨ જું.

શીયા ઇમામી ઇસમાઇલી ધુઆ અને તેની ખુબીએ.

રોજીંદા બંદગીમાં સમાએલા હેતુ.

એ મુજબ રોજીંદા બંદગીની જરૂર જોયા પછી તેમાં શું શું હેતુ સમાએલા હોવા જોઇએ તે તરફ નજર કરીએ.

(૧) ખુદાવંદતાલા આપણા સર્વનો રબ યાને માલીક છે આપણુને સર્વ ચીજો આપે છે આ સર્વ અહેસાનના બદલામાં આપણે તેની દરરોજ નિયમિત બંદગી કરવી જોઇએ.

(૨) દરેક જીવ પામર છે; દરેક ઇન્શાન ગુનાહને પાત્ર છે માટે તે ગુનાહો માટે માફી ચાહી, તોબાહ કરી, ખુદા પ્રત્યે પોતાની તાબેદારી બતાવવી જોઇએ કે જેથી જીવ પર ચડે જતા ગુનાહો રૂપી મેલ દુર થાય.

(૩) આ સર્વ આપણુને સુચવનાર નેકીના રસ્તા પર દોરનાર ને નિષ્કામ વૃતિથી અનિતીના રસ્તા પરથી

દુર રાખવા સંભાળ રાખનાર આપણા રાહબર યાને ધર્મના **પેશવા** તરફ વફાદારી બતાવવી જોઇએ.

(૪) હજારો મલામતીથી દુર રાખવા, અને તેનાથી બચવા અનેક જન્મનાં પાપ રૂપી મેલ દુર કરવા, ભવિષ્યના ગુનાહથી દુર રહેવા, ગીરીયા ઝારીથી પોતા ઉપર ખુદાની રહેમત માંગવી.

(૫) એ ઉપરાંત દરેકની ફરજ છે કે **ખુદાની મખલુકાત રાજા**, પ્રજા, સારા નરસા, સર્વના હકમાં નેક દુવા ગુજારવી અને તેઓનું ભલું થાય એવી દુઆ માંગવી.

જે બંદગીમાં ઉપલા પાંચે મુદ્દા સમાયલા હોય, તેજ **ખરી** અને સર્વથી શ્રેષ્ટ પ્રાર્થના કહી શકાય.

દરેક કોમનો **પેશવા** પોતાની ઉમ્મત માટે નિત્ય પ્રાર્થના તરીકે, અમુક બંદગી રચી આપી, તે ગુજારવા ભલામણ કરી, સત્યના રસ્તાપર દોરે છે એ મુજબ નિમાઝ, સંધ્યા, પ્રેયર વિગેરે નામોથી રોજંદા બંદગી ભાષા અને રુઢી મુજબ કહેવામાં આવે છે, એ મુજબ આપણને પણ આપણા મહાન ગુરુ પીર સદરદીને અથાગ મહેનત લઇ, યોગ્ય ભાષામાં ઉપરના પાંચે મુદ્દા પુર્ણ રીતે સમાવેશ કરી અરબી અને ફારસી બોલોથી શણુગારી નિત્ય અને નિયમિત બંદગી રચી આપી છે. જેને "દુઆ" કહેવામાં આવે છે.

ધુઆનો વખત.

બંદગીનો વખત એવો રાખવામાં આવ્યો છે કે જે વખતે દુનીયાદારી વિગેરેની ખટપટ નડવાનો સંભવ રહેતો નથી ને માણુસ ધારે તો પોતાનું મન તે વખતે શાંત રાખી શકે છે. ધુઆના ત્રણુ વખત નીમેલા છે. તે માટે આપણા **મુરશીદ** આપણુને **જ્ઞાન શરીફ**માં કહેલ છે કે:—

(૧) સાંઝી ધુઆ.

આશાજી! સંજયાવેળા મત કોઇ ચુકો,
એ છે ગુરની એંધાણીજી;
એ વેળા તમને દીધી,
કીધી તે દીનની બારી–હુરાં.

સંજયાવેળા એટલે સુર્ય અસ્ત પામવા પછી તુરત ધુઆ પડવામાં આવે છે. એ મુજબ આખા દવસમાં થયેલ અનેક સંતાપોને ટાળવા, શાંતિથી માલિકની રહેમત માંગી, માફી ચહાવાનો આ વખત અનુકુળ છે.

(૨) બીજો વખત **સુમણીની દુઆ** તે નિમે આપણા **મુરશીદ** આપણુને **જ્ઞાન શરીફ**માં ફરમાવેલ છે કે:—

આશાજી! બીજી વેળા [illegible]ડીજ જાણો,
રાત ઘડી ક ગઇ જાણોજી;
તે તો બારી દરગા તણી,
ગુરથી થાઓ હુશીયાર-હરી૦

એ મુજબ બીજી વખતની દુઆનો વખત સુર્ય આથમ્યા પછી બીજા પહોરની અંદરનો કહેવાય છે આ બંદગી રાત્રીમાં ભ્રમિત મનથી બચવા અને નીતિના રસ્તા પર રાખવા મદદ કરે છે.

(૩) **સુબુહ** સાદીકનો વખત ઘણોજ ઉત્તમ અને અમુલ્ય છે. બંદગી કરવા આ વખત સર્વથી શ્રેષ્ઠ કારણ કે આ વખતે મન શાંત અને શરીર તાજું થયેલ હોય છે. આ વખતની બંદગી જલદી અસર કરી શકે છે.

આ વખત માટે આપણા **મુરશીદ** આપણને ગ્ના શરીફમાં ફરમાવેલ છે કે:—

આશાજી! ત્રીજી સંજયા પાછલી જાણો
ખટ ઘડી પરમાણોજી;
એ બારી સરગની ભણીએ,
લેવે ગુર નરને હાથ-હરી.

એ મુજબ આ બંદગી સવારમાં એટલે રાત્રીના છેલ્લા પહોરમાં એટલે સુર્ય ઉગ્યા અગાઉ પડવામાં આવે છે.

આપો દિવસ સારો ગુજારવા રોઝીમાં બરકત માંગવા અને જીવને શાંત કરવા આ બંદગી અસરકારક રીતે કામ કરે છે.

સર્વોતમ બંદગી (દુઆ)

આપણે જોયું કે જે બંદગીમાં ઉપરના પાંચે મુદાઓ બરાબર અમલમાં આવતા હોય તેજ બંદગી સર્વોતમ બંદગી ગણાશે. **પીર સદરદીનની** રચેલી દુઆમાં ઉપરના પાંચે મુદા બરાબર અમલમાં આવે છે માટે દુઆ ઉંચો દરજ્જો ભોગવે છે.

પાંચે મુદાનો યોગ્ય સમાવેશ જોઇ તેમજ તે ગુજારવાના યોગ્ય સમય તરફ નજર કરતાં નિસ્પક્ષપાતપણે તપાસનારને "દુઆ" શહેનશાહી દરજ્જો ભોગવતી જણાયા વગર રહેશે નહિ.

શાયા ઇમામી ઇસ્માઇલી મજહબની ઉંડી ફીલસુફી આપણને એમ સમજાવે છે કે આખા બ્રહ્માંડમાં ખુદાવંદતાલાની જાત પ્રસરેલી છે અને તેના મધ્ય બિંદુ તરીકે તે નુર આ દુનિયામાં જમાનાના ઇમામ એટલે હાજર ઇમામમાં જલવાગર છે તે જહુરાને "ઇમામ" કહીએ છીએ તે આપણા જીવની હિ-

હાદિયુલ મહેદી છે ને આપણા પર સત્તા ' કરાવનાર સાહેબુલ અમર છે.

હાલના આપણા ૪૮ માં ઈમામ ગૈ ... ન મહમદ શાહ હાદિયુલ ... માના મુ... અમરના સ્થુલ શરીરમાં તે નુર જલ ... હેદી સાહેબુલ રાહબર અને પેશવા છે અને ... અમર છે જે આપણા આપણી દુઆ કબુલ થાય છે. તેની મહેરબાનીના લીધે

દુઆના પાંચે મુદ્દા ... બાર લાવતા પાઠો.

—:o:—

(૧) ખુદાતાલા ... ની તારીફ અને બુઝુર્ગી:—આપણી દુઆમાં "સચ્ચે ... તથા "લાઈલ ... વચન સુબહાન "અલ્લાનો પાઠ વિગેરે પાઠો ... હા ઇલલ્લાહ હુલ હઇયુલ કઇયુમ" ... પુર્ણ રીતે બજાવાય છે.

(૨ ...) બન્દાના ગુનાહ માટે તોબાહ કરવા અને માફી માંગવા અને તાબેદારી બતાવવા:—

"તોબો તકસીરદાર" તેમજ

"ઇન કુન્તો મીનઝ ઝાલેમીન"

વિગેરે પાઠો ઘણીજ સરસ રીતે અને અસરકારક રીતે કામ બજાવે છે.

(૩) ધર્મના પેશવા તરફ વફાદારી બતાવવા, પાહનુ અર્પણુ અને દરેક મુરીદો પોતાના મુરશિદ હાજરઇમામ

તરફની વફાદારી સામાન્ય રીતે બતાવે છે. આપણા દીનના વડા હાકેમ આપણા સરતાજ હાજર ઈમામ સાહેબુલ અમર ને ધુઆમાં "કુલ પીરેજો પીર" વગેરે બોલોથી સંબોધવામાં આવે છે. તે આપણો તેઓ પ્રત્યેનો અચળ અને ઈશ્વરી ભક્તિભાવ દેખાડે છે. આ રીતે આ મુદો બરાબર અમલમાં આવે છે.

(૪) પોતા પર રહેમત માંગવા:—

પંજપાટીની દુઆ ઘણીજ ગીરીયાઝારીથી પડાય છે.

(૫) સર્વ તરફ નેક દુઆ ગુજારવા ખુદાની રહેમત માંગવા:—

યા શાહ ફજલ વ રહેમત કરીયે.
યા શાહ પીર વકીલ જુમલો જમાઅત.
દુઆ નીયત ખએર
મોટા સીજદો;

વિગેરે ઘણાંજ ઉત્તમ પાઠો બજાવે છે. આ ...ની ધર્મ તરીકેની આ ફરજ આ પ્રમાણે અદા થાય છે.

પાકીઝગી અને વજુ.

કોઈ દુનીયાના રાજા પાસે અરજ ગુજારનારને કેટલીએક રીતે સાવચેત રહેવું પડે છે. કપડાં સાફ રાખવા પડે છે. શરીરે સ્વચ્છ થઈ જવું પડે છે. ત્યારે

ખુદાવંદતાલા કે જે શહેનશાહનો શહેનશાહ છે, તેની પાસે અરજ પહોંચાડવા કેટલી સાવચેતી રાખવી જોઇએ ? બંદગી ગુજારવા **જમાઅતખાના** એટલે બંદગી કરવાની જગ્યામાં પગ મુકવા પહેલાં શરીર અને કપડાં સાફ છે કે નહિ તેની સંભાળ રાખવી જોઇએ અને સાફ અને પાક થઇ જવું જોઇએ જમાઅતખાનામાં દાખલ થયા પહેલાં હાથ પગ મ્હોં સારી રીતે સાફ કરી વજુ કરી જવું જોઇએ નાપાકીથી હમેશાં દુર રહેવું જોઇએ નાપાકીથી શરીરમાં રોગ થાય છે. અને તેથી કરીને મન વશ રહી શકતું નથી. અને બંદગી બરાબર થઇ શકતી નથી એ માટે આપણા મુરશિદે જ્ઞાન શરીફમાં કહેલ છે કેઃ—

નાતે ધોતે ન હોવે જોગી,
ન ધોવે તો હોવે રોગી;
રોગ સંચરે મરકે જાવે,
અયસા બંદા શાહકું ન પાવે.

બન્દગી ગુજારવાનું સ્થળ.

આપણે ઉપર જોઇ ગયા કે ઉત્તમ બંદગી મકબુલ કરાવવા તન અને મન શાંત રહી શકે, તેવા વખતની અને પાકીઝગીની જરૂર છે. તેમજ તેવા સ્થળની પણ

જરૂર જણાય છે હિંદુ લોકો મંદિર કે દહેરામાં ક્રિશ્ચીયન લોકો દેવળમાં, અને આપણા લોકો જમાઅતખાનામાં બંદગી ગુજારે છે, બંદગી કરવાનું સ્થળ અલાહિદ રાખવાથી બંદગી ગુજારવાનું વધારે સરળ પડે છે. આવા પાક જગ્યાના સંયોગથી અવિચાર દુર ખસે છે. મન શાંત રહી શકે છે અને શરીર પરનો એક તરેહનો બોજો ઓછો થયેલો જણાય છે, દુનિયાની વ્યાધી દુર થયેલી જણાય છે, આ મુજબ બંદગી ગુજારવાનો રસ્તો સાફ અને સરળ થઇ જાય છે.

ગત જમાત સાથે બંદગી ગુજારવી.

આજનો સુધરતો જમાનો વીલ પાવરની શકિત ખરી છે તે કબુલ કરે છે. માણુસમાં વીલ પાવર ઘણો છે તે અમેરીકાના વિદ્વાનોએ તપાસ કર્યા પછી હવે કબુલ કરે છે. આજના જમાનામાં વીલ પાવરના અખતરા જોનારને આ બાબતની વધારે સમજણ પડશે. એક માણુસનો વીલ પાવર જે કામ કરે તે કરતાં વધારે જથામાં ભેગા માણુસોનો વીલ પાવર કેટલી શકિત ધરાવે તે આ ઉપરથી સમજવું સ્હેલ છે. ઇસ્માઇલી ધર્મ પુસ્તકોમાં આ વીલ પાવરની અજબ શકતિ ઘણી જગાએ જોવામાં આવે છે. દાખલા તરીકે સતાડા નાંખી એક

નેક મુરાદ કેમ પાર પાડવી વગેરે, આ સર્વ એક દિલથી બને છે એ આજના સુધરેલા જમાનાના વીલ પાવરના અખતરા સાબીતી આપે છે.

આ ઉપરથી સમજાય છે કે એક માણસ એકલો દુઆ ગુજારે તેના કરતાં ગત જમાત સાથે દુઆ ગુજારવામાં આવે તો બહુ અસર કરે છે. તે માટેજ ગત જમાત સાથે દુઆ ગુજારનારને સર્વનો હિસ્સો મળે છે અને મહા પુન્ય હાસિલ થાય છે, એ ખરૂં છે.

કદાચ ગત જમાત સાથે દુઆ ગુજારવાનું બની શકે એમ ન હોય તો પણ ગમે તેવી હાલતમાં ગમે તેવી રીતે નિયમસરને વખતસર દુઆ ગુજારવાનું દરેક **ઇસ્માઇલી** પર ફરજ છે, બિમારી જેવી લાચાર હાલતમાં પણ પોતાની ફરજ અદા કરવા ચુકવું નહિ તેવા વખતે **પીરશાહ** એટલે નબી મહમદ મુસ્તફા અને **હઝરત મોલાના મુરતજાઅલી**ની બાર તસબી કાઢવી અગર મોઢે યાદ કરવી જેથી પણ બંદા પરની બંદગીની ફરજ અદા થાય છે.

પ્રકરણ ૩ જું.

માનવંત બોધ ગુરૂ પીર સદરદીન સાહેબે રચેલી.

અસલ દુઆ.

—:o—

યા અલી મદદ

(૧)

દુઆ પડો. દુઆ પડો. દુઆ પડો. અલ્લાહુ મરેહુઆ હુક નામ ગીનો. મોલા અલી ઇમાન સાંજાએ દીનયાં, દુઆ સાંજી અર્જી વેનતી, ખીસે અમર પુટીઆ, શાહ તોજી દરગાહમે કબુલ કર, મોલાના આગા સુલતાન મહુમદ શાહ દાતાર.

—સીજદો દીજે—

અગર સોમણીજી દુઆ હોય ત સાંજી સોમણીજી વેનતી ચોજે અને અગર સુભુહજી દુઆ હોય ત સાંજી સોમણી, સુભુહજી વેનતી ચોજે.

(૨)

તે કના પોએ "તસબીહ" કરી

સીજધો દીઅણું–

તોબો. તોબો તકસીરદાર. બંદો સરતાપા ગુનેહગાર યા શાહ તું બક્ષીએ બક્ષણહાર પીર થો દુઆ પડે બંદો થો વેનતી કરે. સચો શાહા થો કબુલ કરે ફરમાન શાહા પીરજો વચન=

એતરો ચઇને, તસબી પટ તે રખી હીઅ પડણું=

સચો વચન, સુબહાનલ્લાહ, શુકરન લીલ્લાહ વલ હમ્દો લીલ્લાહ, વ લા ઈલાહા ઈલલ્લાહ, અલ્લાહો અકબર લા હવલ વલા કુવ્વત ઇલ્લા બીલ્લા હિલ અલીયુલ અઝીમ, રહિમ, કરીમ, કસીમ. હઝરત, બુઝરક, પાક પરવરદીગાર, દેલમ દેસ માનખા વેસ ખંડ અરાક સતોનેર, પાત્ર, અડતાલી ઇમામ, દસમો નકલંકી અવતાર મૌલાના આગા સુલતાન મહમદ શાહા દાતાર.

= સીજધો દીજે =

પોએ "હક યા શાહ" ચઇને વીશનાપુરી અને શાહાજી પુઠીયું પડજે.

વિશનાપુરી

ત્રણ કરણ મધે સામીજીના અવતાર પાત્ર પરવરતંતે

શ્રી અહુંણાદ (૧) અહુંણાદથી અલખ (૨) અલખથી નામનીલ (૩) નામનીલથી અનીલ (૪) અનીલથી સુન (૫) સુનથી સાન (૬) સાનથી નાન (૭) નાનથી ગીનાન (૮) ગીનાનથી નુર (૯) નુરથી તેજ (૧૦) તેજથી જળ (૧૧) જળથી કમળ (૧૨) કમળથી અવબુધ (૧૩) અવબુધથી જાગ (૧૪) જાગથી તંતવ (૧૫) તંતવથી પ્રેમ તંતવ (૧૬) પ્રેમ તંતવથી આદ પુરખ (૧૭) આદ પુરખ નાભ ચકરથી ભયો બ્રહ્મા.

શ્રી અહુંણાદ આદ, અવિગત આદ શ્રી હુવ (૧) કુવ (૨) ધરમ (૩) કેશવ (૪) તવણાદ (૫) ઉતરા (૬) હરીતક (૭) પુરૂરવા (૮) અંત અતીત (૯) પ્રેમરૂખ (૧૦) વશ શ્રી મછ [૧]

શ્રી મછ ના મનાએક (૧) અજમેર (૨) અગરસેન (૩) એછાઉત (૪) ભરેસપત (૫) અસુ-અમિતર (૬) પઉતર (૭) પડવીર (૮) વંશ શ્રી કોરભ [૨]

શ્રી કોરભના ભિસરીઆત (૯) દિખચાત (૧૦)

પ્રજાપત (૧૧) અગરસેન (૧૨) કદિમ (૧૩) દોએલ (૧૪) વંશ શ્રી વારા [૩]

શ્રી વારા ના કેસવ (૧૫) ખત્રાંવંશ (૧૬) અસાવ (૧૭) ઉનસ (૧૮) ખલીફત (૧૯) ગોતમ (૩૦) અંતઃ (૨૧) હરીતક (૨૨) વંશ શ્રી નરસિંહ [૪]

શ્રી નરસિંહ ના મનાએક (૨૩) કઉચક (૨૪) રેપક (૨૫) કેશાવઢણ (૨૬) કેશાવરૂખ (૨૭) વંશ શ્રી વાએમણ [૫]

શ્રી વાએમણ ના માનત્રાતા (૨૮) પૃથમીજએ (૨૯) એશરીન (૩૦) જવલમ (૩૧) વંશ શ્રી ફડસીરામ [૬]

શ્રી ફડસીરામ નાં રૂગ (૩૨) નુગ (૩૩) જીજેઆત (૩૪) કુંભ (૩૫) અલીફ (૩૬) અજેપાળ (૩૭) દશરથ (૩૮) વંશ શ્રી રામ [૭]

શ્રી રામ ના પદમ (૩૯) જશાવઢણ (૪૦) વાસુદેવ (૪૨) વંશ શ્રી કરસનજી કાન [૮]

શ્રી કાન ના પરિખત (૪૩) જનમેજય (૪૪) સેસાનંદ (૪૫) સતાનંદ (૪૬) સ્વરસ્થાન (૪૭) બુધસ્થાન (૪૮) વીણ વછરાજ (૪૯) વંશ શ્રી બુધ [૯]

શ્રી બુધ ના શીશ (૫૦) સામ (૫૧) સલામ (૫૨) મલકાન (૫૩) એસલામ (૫૪) હારૂન (૫૫) સમઉન સફા (૫૬) અદનાન (૫૭) માઅદ (૫૮) નીઝાર (૫૯) મુદર (૬૦) એલીઆસ (૬૧) મુધરક (૬૨) ખુઝેમા (૬૩) કિનાના (૬૪) નઝર (૬૫) માલેક (૬૬) ફહર (૬૭) ગાલેબ (૬૮) લુવે (૬૯) કઅબ (૭૦) મુરે (૭) કીલાબ (૭૨) કુસે (૭૩) અબ્દુલ મુનાફ (૭૪) અબુ હાસમ (૭૫) અબ્દુલ મુતલબ (૭૬) અબુ તાલેબ વલી (૭૭) વંશ શ્ર શાહા મૌલા મુરતજાઅલી [૧૦]

શાહજી પુઠીઉ.

—વચન અબુ તાલબ વલી—

૧ હક મૌલાના શાહા અલી
૨ હક મૌલાના શાહા હુસેન
૩ હક મૌલાના શાહા જએનુલ આબદીન
૪ હક મૌલાના શાહા મહમદ બાકર
૫ હક મૌલાના શાહા જાફર સાદક
૬ હક મૌલાના શાહા ઇશમાઇલ
૭ હક મૌલાના શાહા મહમદ બીન શાહા ઇસમાઇલ
૮ હક મૌલાના શાહા વફી અહમદ

૯ હુક મૌલાના શાહા તકી મહુમદ
૧૦ હુક મૌલાના શાહા રઝી અબદલ્લાહ
૧૧ હુક મૌલાના સાહા મેહદી મહુમદ
૧૨ હુક મૌલાના શાહા કાએમ
૧૩ હુક મૌલાના શાહા મનસુર
૧૪ હુક મૌલાના શાહા મોએઝ
૧૫ હુક મૌલાના શાહા અઝીઝ
૧૬ હુક મૌલાના શાહા હાકમ અબુઅલી
૧૭ હુક મૌલાના શાહા જાહેર અલી
૧૮ હુક મૌલાના શાહા મુસ્તનસિર બિલ્લાહ
૧૯ હુક મૌલાના શાહા નીઝાર
૨૦ હુક મૌલાના શાહા હાદી
૨૧ હુક મૌલાના શાહા મોહતદી
૨૨ હુક મૌલાના શાહા કાહેર
૨૩ હુક મૌલાના શાહા અલા ઝીકરીયા સલામ
૨૪ હુક મૌલાના શાહા અલા મહુમદ
૨૫ હુક મૌલાના શાહા ખુદ જલાલુદીન હુસન
૨૬ હુક મૌલાના શાહા અલાઉદીન મહુમદ
૨૭ હુક મૌલાના શાહા રૂકનુદીન ખુરશાહા
૨૮ હુક મૌલાના શાહા શમસદીન મહુમદ
૨૯ હુક મૌલાના શાહા કાસમશાહા
૩૦ હુક મૌલાના શાહા ઇસલામશાહા

૩૧ હુક મૌલાના શાહા મહુમદ બીન ઇસ-
લામશાહા
૩૨ હુક મૌલાના શાહા મુસ્તનસિર બિલ્લાહ
૩૩ હુક મૌલાના શાહા અબ્દસ સલામ
૩૪ હુક મૌલાના શાહા ગરીબ મીરઝા
૩૫ હુક મૌલાના સાહા બુઝરઅલી
૩૬ હુક મૌલાના શાહા મુરાદ મીરઝા
૩૭ હુક મૌલાના શાહા ઝુલફીકારઅલી
૩૮ હુક મૌલાના શાહા નુરદીનઅલી
૩૯ હુક મૌલાના શાહા સૈયદ ખલિલ્લાહ અલી
૪૦ હુક મૌલાના શાહા નીઝાર
૪૧ હુક મૌલાના શાહા સૈયદઅલી
૪૨ હુક મૌલાના શાહા હસનઅલી
૪૩ હુક મૌલાના શાહા કાસમઅલી
૪૪ હુક મૌલાના શાહા અબુલ હસનઅલી
૪૫ હુક મૌલાના શાહા ખલિલ્લાઅલી
૪૬ હુક મૌલાના શાહા હસનઅલી
૪૭ હુક મૌલાના શાહા આગા અલીશાહ દાતાર
૪૮ હુક મૌલાના શાહા સુલતાન મહુમદ
શાહા દાતાર

હાજર જોમેજો ધણી, વારેકેરા પુરખ શીગ્વો,
ઇમામ હાદીઉલ મેહદી, સાહેબલ અમર આગા

સુલતાન મહુમદ શાહ્ુ દાતાર, અણંત કરોડીયું તારણહાર. હાજર જોમેજો ધણી, ખીસે અમર પુઠીઆ શાહ, તોજે દરગાહમેં કબુલ કર મૌલાના આગા સુલતાન મહુમદશાહ દાતાર=

=સીજદો દીજે=

(૫)

પંજપાટી

અલી અલ્લાહ

અલ્લાહુમા, યા મૌલાના અંતઃસલામ, વ મિન્ક સલામ, વ ઇલયકા યરજઉસ સલામ, વ ઇલયકા અલ્ફેસ સલામ, હુય્યેના રબ્બના બિસ સલામ, વ અદખિલના દારસ સલામ, તઆરકતા રબ્બના વ તાલયતા, યા ઝુલ, જલાલ વલ ઇકિરામ.

=એતરો સભની પાટમેં પડજે=

"એ ફઝલેકા રહેમત બિકુન."

યા મૌલાના — ૨

"લુત્ફે વ કરમ કુન"

યા મૌલાના — ૩

"લા હઉલ વલા કુવ્વત ઇલ્લા બિકા"

યા મૌલાના — ૪

"જુદ જુદ, બ ફિરીયાદ બેરસ"

યા મૌલાના — ૫

વેલ્લ પંજપાટીજી.

અલ્લાહુમા યા સઇયદી; મીનકા મદદી, વ અલઇકા મૌઅતમદી, ઇયાકા નઅબુદો વ ઇયાકા નસ્તઇન, યા અબલગોસ, અગિસની યા અલી અદરિકની બે લુત્ફેકલ ખફી, સવાબી, રહેમતી, મરહેમતી સચ્ચો મહમદ અરબી; અલી મહમદ યક ખુદા, હક શનાશ, દર્દે બલા લા ઇલાહા ઇલલ્લાહ, મહમદ રસુંલ્લાહ, અમીરલમોઅમીનીન અલી સહી અલ્લાહ, હુસબો ઇલ્લાહ, વ નિયમલ વકીલ, વ નિયમલ મૌલા, વ નિયમલ નસીર, ગુફરાનકા રબના, વ ઇલઇકલ મસીર પંજ પાકીજી વેનતી, ખીસે અમર પુઠીઆ, શાહ તોજે દરગાહમેં કબુલ કર મૌલાના આગા સુલ્તાન મહમદ શાહ દાતાર,

—સીજધો દીજે—

(૬)

પોએ "શાહ દીદાર" જો પંજે દઇ

—સીજધો દીજે—

પોએ તસબી કઢી હી પડણું

અલી અલ્લાહ, યા શાહ. શાહીએ, દરગાહીએ. ફરક ધારીએ, પંજેભાઇએંખે તુરી તોજો દિદાર દીએ, ખીસે અમર પુઠીઆ શાહ તોજે દરગાહમેં કબુલ કર મૌલાના આગા સુલતાન મહંમદ શાહ દાતાર.

—સીજધો દીજે—

પોએ હી પડાણું

અલી અલ્લાહ, યા શાહ; ફજલ વ રહેમત કરીએ. કુલ બલાંઉ દફે કરિએ. જીઅરેખે જોત દીએ, મોએંખે મોખ દીએ જીનંજા પીંઠ ભગે, તીનીજા જીવ સુથાએ કરીએ ખએર પેદા કરીએ, શર દફે કરીએ, તોજો દીદાર નશીબ કરીએ બરકત દુઆ * સાંજીઅજી વેનતી, ખીસે અમર પુઠીઆ, શાહ, તોજે દરગાહમેં, કબુલ કર, મૌલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર.

=સીજધો દીજે=

---

* અગર સોમણીજી દુઆ હોય ત (સાંજી સોમણુજી વેનતી ચોજે) અને અગર, સુબુહજી દુઆ હોય, ત (સાંજી, સોમણી, સુબુહજી વેનતી ચોજે)

સીજદેમેં હીઅ પડણું

યા શાહ, પીર વકીલ, જુમલો જમાત માદર, પીદર, એસ, ખીશાવર જીંદેહ સુર દેહ, બંદા સરતા પા ગુનેહગાર, યા શાહ તું બક્ષીએ બક્ષણહાર.

બિસમિલ્લા હિર રહમા નિર રહીમ.

લા ઇલાહા ઇલ્લા હુલ હઇયુલ કઇયુમ
લા ઇલાહા ઇલલ્લા હુલ મલકુલ હકકુલ મુબીન
લા ઇલાહા ઇલલ્લા હુલ મલકુલ હકકુલ યકીન
લા ઇલાહા ઇલ્લાહ હુલ માલેકે યેવમિદ્દીન
લા ઇલાહા ઇલલ્લાહ, હુલ અલીયુલ અઝીમ
લા ઇલાહા ઇલલ્લાહ, હુલ હલી મુલ કરીમ
લા ઇલાહા ઇલલ્લાહ, હો રબ્બે સમાવાતે સબ્બઅ વ રબ્બે અરઝીન સબ્બઅ, વ મા ફી હિન્ના વ મા બઇન હુન્ના, વ રબિલ અરશીલ અઝીમ લા ઇલાહા ઇલલ્લાહ, મહમદ રસુલીલ્લાહ વ અમીરલ મઓમી

નીન અલી સહી અલ્લાહ હક્કન હક્કા અસ્તગ ફિરૂલ્લાહ હીલ અઝીમે વ બે હમ્દે-હી અસ્તગ ફિરૂલ્લાહ રબ્બિવઅતુબો ઇલઇહી લા ઇલાહા ઇલ્લાહ અંતા સુબ્હાનકા ઇન્ની કુંતો મીનઝ ઝાલે મીન લા ફતા ઇલ્લા અલી લા સઇફ ઇલ્લા ઝુલફિકાર

નાદે અલી.

નાદે અલીયન, મઝહરલ અજાએબ તજિદહુ અઉનન લકા, ફીન નવાએબ કુલ્લો હમ્મીન. વ ગમ્મીન સયંજલી, બ વિલાયતેકા યા અલીયો, યા અલીયો યા અલી--

=બુકારો બીજજો=

પોએ પંજતન પાકેજી ધોઆ દીજે

(અગર, દુઆ સુબુહજી હોય ત પેરી, સુબુહ સાધ-આધકજી તસબી (સુબ્હાનલ્લાહ) કઢી, સીજધો દઇ પોએ પંજતન પાકેજી દુઆ દીજે)

દુઆ પંજતન પાકેજી.

હજરત નબી મહમદ મુસ્તફા રસુલ સલલ્લાહો એલઇહી વ સલમ હજરત મૌલા મુરતઝાલી,

બીબી ફાતમન ઝોહરા રઝી અલ્લાહુ તઆલા, હજરત ઇમામ હસન, હજરત ઇમામ હુસેન પંજતન પાકેજી દુઆજી વેનતી, ખીસે અમર પુઠીઆ, શાહ, તાજે દરગાહમેં કબુલ કર મૌલાના આગા સુલતાન મહમદ શાહ દ તાર.

=સીજધો દીજે-

પોએ દુઆ ગત પીરેખે દીણી, તેમે પીરેજીઉં પુઠીઉં પડણીઉ

પાઠ ૧૧ મો.

પીરેજીઉં પુઠીઉ.

૧ પીર અવ્વલ નબી મહમદ મુસ્તફા રસુલ સલલ્લાહો અલઇહી વ સલમ
૨ પીર ઇમામ હસન
૩ પીર કાસમશાહ
૪ પીર જાફરશાહ
૫ પીર જએનુલ આબેદીન
૬ પીર અમીર આહમદ
૭ પીર સતગુર નુર
૮ પીર ઇંદ્ર ઇમામદીન
૯ પીર મહમદ મનસુર
૧૦ પીર ગાલબદિન
૧' પીર અબ્દલ મજીદ

૧૨ પીર મુસ્તનસિર બિલાહ
૧૩ પીર અહમદ હાદી
૧૪ પીર કાસમશાહ
૧૫ પીર મહમદશાહ
૧૬ પીર માહમુદશાહ
૧૭ પીર મોહોબદિન
૧૮ પીર ખાલકદીન
૧૯ પીર અબ્દુલ મોમનીન
૨૦ પીર ઇસલામદીન
૨૧ પીર સોલેહદીન
૨૨ પીર સલાહદીન
૨૩ પીર શમસદીન
૨૪ પીર નસીરદીન
૨૫ પીર શાહેબદીન
૨૬ પીર સદરદીન
૨૭ પીર હસન કબીરદીન
૨૮ પીર તાજદીન
૨૯ પીર પન્જીઆદ જવાંમરદી
૩૦ પીર હુએદરઅલી
૩૧ પીર અલાઉદીન
૩૨ પીર કાસમશાહ
૩૩ પીર નસીર મહમદ

૩૪ પીર બાબા આગા હાસમશાહ

૩૫ પીર મહુમદ જમાન

૩૬ પીર આગા અજીજ

૩૭ પીર મેહેરાબ બેગ

૩૮ પીર અલી અકબર બેગ

૩૯ પીર આગા અલી અસગર બેગ

૪૦ પીર મીરઝા શાહ હુસનઅલી

૪૧ પીર મીરઝા શાહ કાસમઅલી

૪૨ પીર આગા શાહ અબુલ હુસનઅલી

૪૩ પીર મીરઝા મહુમદ બાકર

૪૪ પીર સરકાર માતા સલામત

૪૫ પીર આગા શાહ હુસનઅલી

૪૬ પીર આગા અલીશાહ દાતાર

૪૭ પીર આગા શાહ ખલિલ્લાહ

૪૮ પીર અબલ હુસનશાહ

૪૯ કુલ પીરેંજો પીર, મૌલાના આગા સુલતાન મહુમદશાહ દાતાર, હાજર જોમેજો ધણી.

યા રબ હકકે ઉન દો ગુલે ગુલશાને બતુલ બક્ષીએ મારા, બ ફાતેમા, દુખ્તરે રસુલ દુઆગત પીરેંબે રસાણજી વેનતિ ખીસે અમર પુઠીઆ શાહ તોજે દરગાહમેં કબુલ કર, મૌલાના આગા સુલતાન મહુમદશાહ દાતાર.

=સીજદો દીજે=

(૧૨)

હુઆ હિઓ ગતપીરિં, બારગુરં, ઓલીઆ અંબીઆ, સીતેર સો સો હુરેની, એક લાખ ચોવીસ હઝાર પએકામ્બર, ગત જુમલે જે રૂએંબે રસાઇજી વેનતી, બીસે અમર પુઠીઆ શાહ તોજે દરગાહમેં કબુલ કર, મૌલાના આગા સુલતાન મહમદશાહ દાતાર.

=સીજદો દીજે=

પોએ ચોજે=તસબી કહો, 'હજરત પંજતન પાક સાહેબેજી' પોએ 'પંજતન પાકજી તસબી કહી.

(૧૩)

=સીજદો દીજે=

પોએ ખએર નીઅથજી દુઆ દીજે

દુઆ નીઅથ ખએર

આકુભતજો ખએર કરીએ હિત માંધ ખએર કરીએ. દીન દુનીઆજો ખએર કરીએ અઠ પોહોર, ચોસઠ ઘડીઉં, ખએર સલામતીસે ગુજારીએં, વાટે, ઘાટે રાહ મુસાફરે, રાહીએ, દર-

ગાહીએ, પંજેભાઇએ, અમર ધારીએ. એશક ધારીએ જુમલે જમાએથજો ખએર કરીએં આલ નબી, અઉલાદ અલીજો ખએર કરીએં યા અલી રખે જાલમ કનાં. યા અલી રખે સર શએતાન કનાં યા અલી રખે તીન કનાં જીનીએ તોજી સાંજાએ ન આહે. યા અલી તું ખએર કરીએ. ખએરજી વેનતી, ખીસે અમર પુઠીઆ શાહ તોજે દરગાહમેં કબુલ કર, મોલાના આગા સુલતાન મહમદશાહ દાતાર.

=સીજધો દીજે=

સીજધેમેં હીઅ ચોણું.

(૧૫)

૧ દિઓ સિજધો, અલ્લાહ મરેહુઆ અલી મહમદ ગત જુમલેજી મુશકીલ આશાન કરે

૨ દિઓ સિજધો અલ્લાહ મરેહુઅ, સાહેબ સતજો કાંગવો કબુલ કરે.

૩ દિઓ સિજધો ત સાહેબ ગુર પીરજો બોલ મથે કરે.

૪ દિઓ સિજધો, ત સાહેબ શાહીએ દર-ગાહીએખે ધર પોંચાએ, દીદાર નશીબ કરે.

૫ હિઓ સિજધો, ત શાહેબ બારગુરજે અઉલાદજે કલામમે સગ વીજે

૬ હિઓ સિજધો, ત સાહેબ અનપાણીજે ભંડાર મેં બરકત વીઝે.

૭ હિઓ સિજધો, ત સાહેબ કરજીઅન તા કરજલાએ, કરજીઅનજો કારસાજ થીએ.

૮ હિઓ સિજધો ત સાહેબ દીનજા દુશમન દફે કરે.

૯ હિઓ સિજધો, ત સાહેબ ઘરખાનેમેં સરાઇઉં, ખુશાહાલીઉં, વધાયું કરે.

૧૦ હિઓ સિજધો, ત સાહેબ રાજાખે રાજ દે, પ્રજાખે સુખ દે.

૧૧ હિઓ સિજધો, ત સાહેબ ગત જુમલે જીઉં મન ધુરીઉં મુરાધું હાસલ કરે.

૧૨ હિઓ સિજધો, ત સાહેબ બંધીવાનેજા બંધ ખલાસ કરે.

૧૩ હિઓ સિજધો, ત સાહેબ સિગો સવારી કરે પ્રગટ થીએ.

૧૪ હિઓ સિજધો, ત સાહેબ મુશકીલ આસાન કરે; ખએર પએદા કરે, રખી વઠે માહાધ્નજે આજાર કનાં.

૧૫ દિઆ સિજધો, અલ્લાહ મરેહુઆ અલી મહમદ ગત જુમલેજી વેનતી કબુલ કરે.

સીજધે મીંઆ મથો ખણી, હી પડજે.

દીઆ ખરે પેટાંધજી સાર, સંભાર, ઉછીનું, પાછીનું, દમડી દામ, સારે સરકારમેં દિજા. ચાર અલ્લાહ મરેહુઆ. મૌલા અલી મન ધુરીઉં મુરાદું હાસલ કનેઆ મૌલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર દીદાર નશીબ કનેઆ—

(૧૬)

તસબી કહો, શાહ, ગરિબ મીરજા, ફજલ કર, મૌલાના અલી—

અલી અલ્લાહ.

=સીજધો દીજે=

તસબી કહો મુશકીલ આસાનજી "યા અલી"

અલી અલ્લાહ.

=સીજધો દીજે=

તસબી કહો, ફરમાનજી.

="યા અલી" ૧૪ વખત.

="સલવાત" ૧૪ વખત.

(અલ્લાહુમ્મા સલ્લેઅલા મોહમદી વ આલે મોહમદ)

અલી અલ્લાહ ફરમાનજી તસબી કબુલ કર
મૌલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર.

=સીજધો દીજે=

પોએ; ખએર નીઅથજી દુઆ દીજે.

——:o:——

૧૭

દુઆ નીઅત ખએર.

આકુભતજો ખએર કરીએ; યા અલી તું ખએર કરીએં, ખએરજી બેનતી. બીસે અમર પુઠીઆ, શાહ, તોજે દરગાહમેં કબુલ કર, મૌલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર.

=સીજધો દીજે=

સીજધેમેં ચીઅ ચોણું

યા શાહ, ભલી બતાઇએં, બુરી તજાઇએં હર દો હાથ તુમારે.

——:o:——

૧૮

મદદે અલી, સફાયતે રસુલ એતાયતે ખુદા, હજરત કબુલ પીર સતગુર નુરની ફરીયાદ, પીર સમસ ચોટની ફરીયાદ, પીર સદરદીનની

ફરયાદ, પીર હસન કબીરદ્દીનની ફરીયાદ, પીર અલી અસગર બેગની ફરીયાદ, પીર મીર્ઝા મહમદ બાકરની ફરીયાદ, પીર સરકાર માતા સલામતની ફરીયાદ, પીર આગા શાહ ખલીલ્લાહની ફરીયાદ, પીર અબલ હસનશાહની ફરીયાદ મૌલાના આગા સુલતાન મહમદ શાહ દાતાર પાસે ફરીયાદ, એણે કલમે કલમું પાક

અશહદો, અન લા ઇલાહા, ઇલલ્લાહ
અશહદો, અન્ન મહમદ રસુલલ્લાહ
અશહદો, અન્ન અમીરલ મોઅમીનીન
અલી સહી અલ્લાહ,

"હએ ઝીન્દાહ"

"કાયમ પાયા"

"શાહ પીર પાયા"

અલ્લાહજો દીદાર, મહમદજી સફાયત મહમદ સફાયત કરશે, મોમન બેહેસ્ત લહ'ધા, ઉજુ', પુરા, આસવ'તા, ઉતારે પાર કરીએ, યા આગા સુલતાન મહમદશાહ દાતાર.

=અલ મરણ મોત હક=

દુઆ તમામ.

પ્રકરણ ૪ થું.

દુઆના શબ્દાર્થ.

પાઠ ૧ લો તથા ૨ જો.

દુઆ પડો–બંદગી કરો
અલ્લાહ મરેહેઆ–ખુદાતાલા (તમારા ઉપર) રહેમત કરે
હક નામ–ખુદાનું નામ
ગીનો–સ્મરણ કરો
ઇમાન–એકીન
સાંજએ–હયા
દીનયાં–બક્ષે
દુઆ–બંદગી
વેનતી આજીજી
ખીસે અમર પુઠીઆ–તારી સતાની રૂએ
શાહ–હાજર ઇમામ
દરગાહ–હજુર
મૌલા–ધણી
ના–અમારા
મૌલાના–અમારા ધણી
સીજદો–નમન

પાઠ ૩ જો.

તોબો—હું (મારાં પાપ માટે) તોબા કરૂં છું.
સીર—માથું
તા—સુધી
પા—પગ
સીર તા પા—માથાથી તે પગ સુધી
બક્ષણહાર—માફી બક્ષનાર
દુઆ પડે—બંદગી કરે
પીરજે વચન—પીરે કહેલા
સચ્ચો—ખરેખર
વચન—કહેવું
સચ્ચા વચન—ખરેખર કહું છું
સુબહાન—પાક
અલ્લાહ—ખુદા
સુબહાન અલ્લાહ—ખુદા પાક છે
સુકરન—એહેસાન માનું છું.
લિ—વાસ્તે
અલ્લાહ ખુદા
શુકરન લિલ્લાહ—ખુદાનો એહસાન માનું છું
વ—અને
અલ હમ્દ—બધી તારીફ તથા વખાણ
લિ—વાસ્તે
અલ્લાહ—ખુદા

વલ હમ્દો લિલ્લાહ–અને બધાં વખાણ ખુદાનાં છે.
વ–અને
લા–નથી
ઈલાહા–ખુદા
ઇલ્લાહ–સિવાય
અલ્લાહ–ખુદા
વલા ઈલાહા ઇલલ્લાહ–અને ખુદા સિવાય બીજો ખુદા નથી
અલ્લાહ–ખુદા
અકબર–સઉથી મોટો
અલ્લાહો–અકબર–ખુદા સઉથી મોટો છે
લા–નથી
હઉલ–શકિત
વ–અને
લા–નથી
કુવ્વત–સતા
ઇલ્લો–સિવાય
બે–સાથે
અલ્લાહ–ખુદા
વ–લા હઉલ વ લા કુવ્વત ઇલ્લા બીલ્લાહ } અને ખુદા સિવાય કોઇને શકિત કે સત્તા નથી
અલી–અલી
અઝીમ–બુલંદ

અલીયુલ્લ અઝીમ-અલી બુલંદ

રહીમ—દયાળુ

કરીમ—કૃપાળુ

કસીમ—રોજી આપનાર

હજરત—મહાન

બુઝરગ—મોટો

પાક—પાવત્ર

પરવરદીગાર—પાલણ કરનાર

દેહલમ દેશ—ઇરાન દેશના એક પરગણાનું નામ છે.

માનખા વેશ—મનુષ્ય અવતારમાં

ખંડ એરાક—એશીયા ખંડમાં ઇરાનનો દેશ

પાત્ર—વડવાઓ

નકલંકી અવતાર (ખુદાનો દશમો અવતાર) એનો અર્થ "અવતાર પુરૂશ અથવા કલંક વગર નો" પવીત્ર થાય છે. **નકલંકી અવતાર તે મૌલા મુરતઝા અલી** તેમજ તેઓની ગાદીએ આવનાર હરેક હાજર ઇમામ.

ખુલાસો.

સંસ્કૃતમાં નકલંકી અવતારનું કલ્કિ નામ છે. જેનો અર્થ "પાપ અને દુષ્ટતાનો નાશ કરનાર" થાય છે.

પાઠ ૪ થો.

હક–ખરો

યા–ઓ

શાહ–હાજર ઇમામ

હક યા શાહ–ઓ શાહ (હાજર ઇમામ)
તું સાચો છે

વિશનાપુરી–વિષ્ણુના વડવાઓના નામો

કરણ–ચાર જુગ અને ચાર કલ્પની આગળ થઇ ગયેલો જમાનો–અગીઆર લાખ વરસનો એક જુગ હોય, એવા ત્રીસ જુગનો એક કરણ–કુલે ત્રણ કરોડ અને ત્રીસ લાખ વરસનો એક કરણ થાય છે, ત્રણ કરણમાં નવ કરોડ અને નેવું લાખ વરસની મુદત થાય છે.

(જુઓ–મુલ ગાવંત્રી)

અહુઆદ આદ–અહુણાદની પહેલાનું

અવિગત આદ–તે અગાઉના સંબંધમાં વિગતવાર
હકીકત અજાણી છે.

નાભ ચકર–નાભ કમળ

ભયો–(શારીરીક રૂપમાં) જાહેર થયો

બ્રહ્મ–ખુદા

મૌલા–ધણી

ના–આપણો

મૌલાના–આપણો ધણી

હાજર—હાલના
જોમેજો—ઈમામતના
ધણી—માલેક
હાજર જોમેજો ધણી-ઈમામતના હાલના માલેક
વારેકેરો—જમાનાનો
પુરખ—ધણી
વારેકેરો પુરખ—જમાનાનો ધણી-હાજર ઈમામ
હાદી—રાહબર
મહેદી—ભોમીઆઓને પણ રસ્તો દેખાડનાર
હાદિયુલ મહેદી—રાહબર અને ભોમીઆઓને પણ રસ્તો દેખાડનાર
સાહેબ—ધણી
અમર—સત્તા
સાહેબલ અમર—સત્તાનો ધણી
અનંત—અસંખ્ય
કરોડીઉં—કરોડો જીવ
તારણહાર—મુક્ત કરનાર
અનંત કરોડીઉં તારણહાર—અસંખ્ય કરોડો જીવોને મુક્ત કરનાર
ખીસે અમર પુડીઆ—તારા હકની રૂએ
દરગાહ—હજુર

પાઠ ૫ મો તથા ૬ ઠો.

પંજ—પાંચ

પારી—ભાગની બંદગી

પંજ પારીજી—પાંચ ભાગની બંદગી

અલ્લાહુમ્મા—ઓ ખુદા

યા—ઓ

મૌલા—ધણી

ના—અમારા

મૌલાના—અમારા ધણી

અંતા—તું

સલામ—સલામત છે

અંતસ સલામ તુંજ સલામત છે

વ—અને

મિન—માંથી

કા—તારા

સલામ—સલામતી

વ મિનકસ સલામ—તે સલામતી તારામાંથી (આવે છે)

વ—અને

ઇલય—તરફ

કા—તારા

યરજઉ—પાછી ફરવાની છે. સમાવાની છે

સલામ—સલામતી

વ ઇલયકા યરજઉસ સલામ—અને સલામતી પાછી તારામાંજ સમાએલી છે

વ—અને

અલય—ઉપર

કા—તારા

અલ્ફ—હજારો (અસંખ્ય)

સલામ—સલામતીઓ

વ અલયકા અલ્ફ સલામ } અને હજારો (અસંખ્ય) સલામતીઓ તારા ઉપર (આધાર રાખે છે)

હય્યે—જીવડાવ, હયાત રાખ

ના—અમને

રબ્બ—પાલણહાર

ના—અમારા

બિ—સાથે

સલામ—સલામતી

હય્યેના રબ્બના બિસ સલામ } ઓ પાલણહાર, અમોને સલામતી સાથે હયાત રાખ

વ—અને

અદખિલ—દાખલ કર

ના—અમને

દાર—ઘર

સલામ—સલામતીનું

વ અદખિલના દારસ સલામ	અને અમને સલામતીના ઘરમાં દાખલ કર

તબારકતા—તું બરકતદાર છે

રબ્બ—પાલણુહાર

ના—અમારા

વ—અને

તાલઇતા—તું બુલંદ છે

તબારકતા રબ્બના વ તાલઇતા	એ અમારા પાલણુહાર તું બરકતદાર અને બુલંદ છે.

યા—એ

ઝુલ—ધણી

જલાલ—કિર્તિ

વ—અને

ઇકરામ—મોટું મન, મોટાઇ, ઉદારતા

યા ઝુલ જલાલ વલ ઇકરામ	એ કિર્તિવાન અને મોટા મનના ધણી.

બે—સાથે

ફઝલ—મહેરબાની

કા—તારી

રહેમત—દયા

બિકુન—કર

બેફઝલેકા રહમત બિકુન	}	તારી મહેરબાનીથી તું દયાકર.

યા—ઓ

મઉલા—ધણી

ના—અમારા

યા મૌલાના—ઓ અમારા ધણી

લુત્ફ—રહેમ

વ—અને

કરમ—કૃપા

કુન—કર

લુત્ફ વ કરમ કુન-રહેમ અને કૃપા કર

લા—નથી

હઉલ—શક્તિ

વ—અને

લા—નથી

કુવ્વત—સતા

ઇલ્લા—સિવાય

બિ—સાથે

કા—તારા

લા હઉલ વ લા કુવ્વત ઇલ્લા બિકા	}	તારા સિવાય કોઇને શક્તિ કે સતા નથી

ઝુદ—જલદી

ઝુદ—જલદી

બ—ને

ફિરીયાદ—અરજ

બે રસ—પહોંચ

જુદ જુદ બ પીર-યાદ બે રસ } જલદી જલદી (તું અમારી) અરજને પહોંચ

વેલ—પુરવણી

અલ્લાહુમા—ઓ ખુદા

સયદ—ધણી

ઈ—મારા

અલ્લાહુમા યા સઈયદી } ઓ ખુદા, ઓ અમારા ધણી

મિન—તરફની

કા—તારી

મદદ—ટેકો

ઇ—મને

મિનકા મદદી—તારી તરફની મદદ (ટેકો) છે

વ—અને

અલઇ—ઉપર

કા—તારા

મોઅતમદી—મારો આધાર, મારો ભરોસો

વ અલઇકા મોઅતમદી } અને તારી ઉપર મારો ભરોસો છે.

ઇયા—ફકત

કા—તારી

નઅબુદો—અમે બંદગી કરીએ છીએ

ઇયાકા નઅબુદો—તારીજ અમે બંદગી કરીએ છીએ

વ—અને

ઇયા—ફક્ત

કા—તારી

નસ્તઇન—અમે મદદ માંગીએ છીએ

વ ઇયા ક નસ્તઇન } અને તારીજ અમે મદદ માગીએ છીએ

યા—ઓ

અબ—પીતા

ગઉસ—મદદ

યા અબલ ગઉસ } ઓ મદદના પીતા એટલે મદદ આપનાર મુળ પુરૂષ (હજરત અલીનો લકબ છે)

અગિસ—વારે આવ

ની—મારી

અગિસની—મારી વારે આવ

અદરિક—મદદે પહોંચ

બે—સાથે

લુત્ફ—રહેમત

ક—તારા

બે લુત્ફેકલ ખફી—તારી છુપી રહેમતથી

સવાબી-મને (નેક) બદલો આપ
રહેમતી-મારા ઉપર દયા કર
મ રહમતી-મને આશીરવાદ આપ

(ઉપરના ત્રણ શબ્દોમા "ઇ" લાગ્યો છે તેનો અર્થ "મને" થાય છે.)

સચો મહમદ અરબી-અરબસ્તાનમાં રહેનારો નબી મહમદ સાચો છે
અલી મહમદ યક ખુદા-અલી, મહમદ, એકજ ખુદાઇ નુર છે

યક-એક
હક ખરેખર
શનાશ-ઓળખ, ઓળખનાર
દફે-નાબુદ
હક શનાશ દફે બલા-એમ ખરેખર ઓળખનારની બલા નાબુદ થાય છે

લા-નથી
ઇલાહા-ખુદા
ઇલલ્લાહ-સિવાય
અલ્લાહ-ખુદા
લા ઇલાહા ઇલલ્લાહ-ખુદા સિવાય બીજો કોઇ ખુદા નથી

મહમદ-નબી મહમદ

રસુલ–નબી, કાસદ, ખબર લાવનાર પેગમ્બર
અલાહ–ખુદા
મહમદ રસુલલ્લાહ–મહમદ ખુદાનો પેગમ્બર છે
અમીર–સરદાર
મોઅમીનીન–ખરા દીનદારો
અલી–હજરત મૌલા મુરતજા અલી
સહી–સાચો
અલ્લાહ–ખુદા
અમીરલ મોઅમીનીન } ખરા દીનદારોનો સરદાર
અલી સહી અલ્લાહ } અલી સાચો ખુદા છે
હસ્બો–સંપુર્ણ
ના–અમારે માટે
અલ્લાહ–ખુદા
હસ્બો નલ્લાહ–ખુદા અમારે માટે સંપુર્ણ છે
વ–અને
નીઅમા–સારો
વકીલ–હીમાયતી
વ નીઅમલ વકીલ–ને (તે) સારો હીમાયતી છે
વ–અને
નિઅમા–સારો
નસીર–મદદગાર
વ નિઅમલ નસીર–ને તે સારો મદદગાર છે
ગુફરાન–અમે માફી માગીએ છીએ

શુક્રાનકા—તારી પાસે અમે માંગી માંગીએ છીએ
રબ્બ—પાલણહાર
ના—અમારા
રબ્બના—અમારા પાલણહાર
વ—અને
ઇલઇ—તરફ, પાસે
કા—તારી
મસીર—પાછું આવવાનું
વ ઇલઇકલ મસીર—અને તારીજ પાસે અમે
પાછા આવવાના છીએ
મૌલા—ધણી
ના—અમારા
મૌલાના—અમારા ધણી

——:o:——

પાઠ ૭ મો,

શાહ—હાજર ઇમામ
રાહી—તારી તરફ આવનાર રાહદારી, માર્ગે ચાલનાર
દરગાહ—જેઓ તારી હરજુમાં છે
ઇશ્કદારી—જેઓ તારી તરફ પ્રેમ ધરાવે છે
પંજેભાઇ—ધાર્મીક, મંડળીના મેમ્બરો
તુસી—તું

ખીસે અમર મુકીઆ-તારા હકની રૂએ

ફરમાદ હજૂર

મૌલા-ધણી

ના-અમારા

મૌલાના-અમારા ધણી

---:o:---

પાઠ ૮ મો.

શાહ-હાજર ઇમામ

ફઝલ-મહેરબાની

રહેમત-દયા

ઝઅરેખે--જીવતાઓને

ખોત દીએ-આબાદ રાખ

મોએખે-મરી ગયેલાઓને (જેઓ તારી રાહમાં ફના થએલાં છે.)

મોખ દીએ-તેમના આત્માને મુકિત આપ

જીનીજા-જેઓના

પીંડ-શરીર

ભગે-નાશ પામ્યા

જીનીજા પીંડ ભગે-જેઓનાં શરીર નાશ પામ્યા (જેઓ મરણ પામ્યા)

એ-સારા સ્થળ

સુથાએ કરીએ—સારા સ્થળમાં જગ્યા આપ

બથર—ભલાઇ

પયદા કરીએ—જાહેર કર

શર—બુરાઇ

દફે કરીએ—દુર કર

બીસે અમર પુઠીઆ—તારી સતાની રૂએ

દરગાહ—હજુર

મોલા—ધણી

ના-અમારા

મોલાના—અમારા ધણી

યા શાહ—ઓ હાજર ઇમામ

પીર—બોધ ગુરૂ

વકીલ—અધીકારી (ઇમામે જેને હુદો આપ્યો હોય તે)

જુમલો—બધા

જમાત—દીનદાર

માદર—માતા

પિદર—પિતા

ખેશ ખિશંદર—સગા વ્હાલા

જિંદે—જીવતા

મુરદે—મુએલા

બંદે—સેવકો

સિર—માથું.

તા–સુધી

પા–પગ

સિર તા પા–માથાથી પગ સુધી

બક્ષીએ–(અમને) માફ કર

બક્ષણુહાર–માફી (ના) કરનાર

પાઠ ૯ મો.

લા–નથી

ઇલાહા–ખુદા

ઇલ્લા–સિવાય

અલ્લાહ–ખુદા

લાઇલાહા ઇલલ્લા–ખુદા સિવાય બીજો ખુદા નથી.

હઇય–હયાત

કઇયુમ–કાયમ (હંમેશાં રહેનારો)

હઇયુલ કઇયુમ–જે હયાત અને કાયમ છે

મલક–બાદશાહ

હક્ક–સાચો

મુબીન–સાક્ષાત (જાહેર)

મલકુલ હકકુલ મુબીન–(જે) સાચો અને સાક્ષાત (જાહેર) બાદશાહ છે

મલક–બાદશાહ

હક્ક—ખરેખર
યકીન—ચોકસ
મલકુલ હકકુલ યકીન—[જે] ચોકસ અને ખરેખર
બાદશાહ છે
માલેક—ધણી
યઉમ—દિવસ
દીન—ઇન્સાફ [કીઆમત]
માલેક યઉમિદ દીન—[જે] કીઆમતના દિવસનો
ધણી છે.
અલી—મોટો
અઝીમ—બુલંદ
અલીયુલ અઝીમ—જે મોટો અને બુલંદ છે.
હલીમ—ધઇર્યવાન
કરીમ—ઉદાર
હલીમુલ કરીમ—[જે] ધઇર્યવાન અને ઉદાર
રબ્બ—પાલણહાર
સમાવાત—આસમાનો [એનું એક વચન 'સમા']
સબઅ—સાત
રબ્બેસમાવાતે સબઅ—સાત આસમાનોનો પાલણહાર
રબ્બ—પાલણહાર
અરઝીન } જમીનો [એનું એક વચન "અરઝ"]
સબઅ—સાત

રબ્બે અરઝીન સબઅ—સાત જમીનનો પાલણહાર

વ—અને

મા જે

ફી—અંદર

હિન્ના—તેઓની

વ મા ફી હિન્ના—અને જે તેઓની અંદર છે.

વ—અને

મા—જે

બય્‌ન—વચમાં

હુન્ના—તેઓની

વ મા બય્‌ન હુન્ના—અને જે તેઓની વચમાં [છે]

વ—અને

અરશ—અરશ કુરશી, ખુદાઇ નુરી સ્થાન

અઝીમ—ઉંચી અને મોટી

વ રબ્બિલ અર-શીલ અઝીમ } મોટી અને બુલંદ ઉંચી અરશ કુરશીનો પાલણહાર

લા—નથી

ઇલાહા—ખુદા

ઇલ્લા—સિવાય

અલ્લાહ—ખુદા

લાઇલાહા—ઇલ્લાહ—ખુદા સિવાય બીજો કોઇ ખુદા નથી

મહમદ—નબી મહમદ

રસુલ—પેગમ્બર

મહમદ રસુલ્લાહ–મહમદ ખુદાનો પેગમ્બર છે

અમીર–સરદાર

મોમનીન–સાચા દીનદાર

સહી–ખરેખર

અલ્લાહ–ખુદા

અમીરલ મોમનીન અલી સહી અલ્લાહ	સાચા દીનદારોનો સરદાર અલી, ખરેખર ખુદા છે.

હક્કન હક્કા–ખરેખર

અસ્તગફિર–હું માફી માગું છું

અલ્લાહ–ખુદા (પાસે)

અસ્તગફિરૂલ્લાહ–ખુદા પાસે હું માફી માગું છું

અઝીમ–મહાન

વ–અને

બે હમદે હી–હું તેના વખાણ કરૂં છું

અસ્તગફિર–હું માફી માગું છું

અલ્લાહ–ખુદા (પાસે)

રબ્બી–મારો પાલણહાર

અસ્તગફિરૂલ્લાહ રબ્બી–હું માફી માગું છું ખુદાની જે મારો પાલણહાર છે

વ–અને

અતુબો	હું તોબા કરૂં છું, પાપનો પશ્ચાતાપ કરૂં છું

ઇલયહ–પાસે, તરફ

હી-તેની

વ અતુબો } અને તેની પાસે તોબા કરું છું
ઇલઇ } (પાપનો પશ્ચાતાપ કરું છું)

લા-નથી

ઇલાહા-ખુદા

ઇલ્લા-સિવાય

અંતા-તું, તારા

લા ઇલાહા } તારા સિવાય બીજો ખુદા નથી
ઇલ્લા અંતા }

સુબહાન-પાક

કા-તું

સુબહાનકા-તું પાક છે

ઇન્ન-ખરેખર

ઇ-હું

કુંતો-છું

મીન-માંથી

ઝાલેમીન-જુલમગારો, પાપીઓ

ઇન્ની કુંતો મીનઝ } ખરેખર હું પાપી છું
ઝાલેમીન }

લા-નથી

ફતા-શુરવીર

ઇલ્લાહ-સિવાય

લા ફતા ઇલ્લાઅલી — અલી સીવાઇ કોઇ શુરવીર નથી અલીની તાકાત એટલે સુધી છે કે દુનીઆની કોઇપણ ચીજને પોતાની તરફથી હસ્તીમાં લાવે છે. અગર નાબુદ કરી શકે છે.

લા—નથી
સઇફ—તલવાર
ઇલ્લા—સિવાય
ઝુલફીકાર—હજરત અલીની તલવારનું નામ છે
લા સઇફ ઇલ્લા ઝુલફિકાર—ઝુલફિકાર સિવાય બીજી તલવાર નથી
નાદે—સાદ કરો, બોલાવો, યાદ કરો
અલીયન—અલીને
નાદે અલીયન—અલીને યાદ કરો
મઝહર—જાહેર કરનાર
અજાએબ—નવાઇ જેવી ચીજો
મઝહરલ અજાએબ-કુદરતનો કરનાર (અલી)
તજીદુ—તને માલમ પડશે

હુ-તે

અઉનન-મદદગાર

લા-પારતે

કા-તારે

ફી-અંદરમાં

નવીએબ-મુસીબતો

તજીદુ હુ અઉનન લકા ફીન નવાએબ	તને માલમ પડશે કે તે (અલી) તારી મુસીબતોમાં મદદગાર થશે.

કુલ્લ-સઘળા

હમ્મ-દુ:ખ,

ગમ્મ-મુશ્કેલી,

સયંજલી-નીકળી જશે, દુર થશે જતી રહેશે.

કુલ્લો હમ્મીન વ ગમ્મીન સયંજલી	સઘળાં દુ:ખ અને મુશકેલીઓ દુર થશે.

બ-સાથે થી,

વિલાયત-મોહબત, મદદ.

કા-તારી

બ વિલાયતેકા-તારી મદદથી.

યા અલી! યા અલી યા અલી	ઓ અલી ઓ અલી ઓ અલી

પાઠ ૧૦ મો.

પંજ—પાંચ
તન—જણ
પાક—પવીત્ર
પંજતન-હઝરતઅલી, નબી મહમદ, બીબી ફાતમા
ઇમામ હસન ઇમામ હુશેન
સલ્લ-આશીરવાદ
અલ્લાહ—ખુદા
અલઇ—ઉપર
હી· તેના
સલ્લલ્લાહો અલઇ હી—તેના ઉપર ખુદાના
આશીરવાદ (હોજો)
વ—અને
સલ્લમ-શાંતી
વસલ્લમ—અને શાંતી (હોજો)
હજરત—માનવંત; મહાન
મૌલા—ધણી
ઝોહરા—સોભાયમાન
રઝી—રાઝી રહે
અલ્લાહ—ખુદા
તઆલા—મોટો
રઝી અલ્લ ાહો તઆલા મોટો ખુદા (તેના પર) રાજી રહે
*ખાસે અમર પુઠીઆ—તારા હકની રૂએ
શાહ—હાજર ઇમામ
દરગાહ—હજુર

પાઠ ૧૧ મો.

ગત—સઘળા

અવ્વલ—પહેલા

સલ્લ—આશીરવાદ (સોજો)

અલ્લાહ—ખુદાના

અલઈ—ઉપર

હી—તેની

સલ્લલ્લાહો અલઈહી	તેના ઉપર ખુદાના આશીરવાદ (હોજો)

હાજર—હાલના

જોમેજો—ઇમામતના

ધણી—માલેક

હાજર જોમેજો ધણી	ઈમામતના હાલના માલીક

રબ—પાલણહાર

હક્ક—ખાતર

ઉન—તે

દો—બે

ગુલ—ફુલ

ગુલશન—વાડી

બતુલ—સતી સ્ત્રી (બીબી ફાતમાનું લકમ છે)

બક્ષીએ—માફ કર

મારા—અમોને

મા—અમો

ચુ—ને

બ—ખાતર

બ ફાતમા—ફાતમાને ખાતર

દુખતર—દીકરી

રસુલ—નબી મહમદ મુસ્તફા

ગત—સઘળા

ખીસે અમર પુકીઆ—તારા હકની રૂએ

દરગાહ—હજુર

મૌલા—ધણી

ના—અમારા

મૌલાના—અમારા ધણી

પાઠ ૧૨ મો તથા ૧૩ મો.

મત—બધા

બાર ગુર—પીર સદરદીન

અઉલીયા—ખુદાના દોસ્ત, [એનું એક વચન "વલી"]

અંબીયા—પેગમ્બરો [એનું એક વચન "નબી"]

સતર સો સો—સાત લાખ

હુસેની—ખુબ સુરત, તે ૧૨૪૦૦૦ પેગમ્બરની અઉલાદ

એક લાખ ચોવીસ હજાર—૧૨૪૦૦૦

પેગમ્બર—સંદેશા લાવનાર, નબીઓ

પૈગામ-સંદેશો
બર-લાવનાર
ગત જુમલે-સઘળા, બધા
રૂએખે-આત્માઓને
રસાડણી-પહોંચાડવા માટેની
ખીસે અમર પુઠીઆ-તારા હકની રૂએ
મૌલા-ધણી
ના-અમારા
મૌલાના-અમારા ધણી

પાઠ ૧૪ મો.

દુઆ-બંદગી
નીઅત-ધારણા
ખએર-ભલી
દુઆ નીઅત ખએર-ભલી ધારણાની બંદગી
હિત-અહીંઆ આ દુનીયામાં
આકુબત-અંતકાળ
વાટે-રસ્તામાં
ધાટે-મનજલમાં
રાહીએ-તારી [ઇમામની] તરફ આવનાર
દરગાહીએ-તારી [ઇમામની] હજુરમાં આવનાર પહોંચનારા
પંજેભાઇ-ધાર્મિક મંડળીના મેમ્બરો

અમલદારી–અધીકારી
ઇસ્કદારી–તારા તલબગાર
જુમલે–બધા
જમાત–દીનદાર
ખએર–ભલું
આલ–ગાદીએ બેસનાર
નબી–પીર
આલ નબી–ગાદીએ આવનાર પીર
અવ્લાદ–પરીવાર
જાલમ કના–જુલમગારોથી
શર–બુરાઇ
શર શઇતાન કના–શઇતાનની બુરાઇથી
સાંજએ–દયા
બીસે અમર યુઠીઆ–તારા હકની રૂએ
દરગાહ–હજુર

પાઠ ૧૫ મો ૧૬ મો.

અલ્લાહ મરેહેઆ–ખુદા [તમારા પર] રહેમત કરે
ગત જુમલે–સઘળા
આસાન કરે–દુર કરે
સતજે કાંગવો– બઇયત, સતનો કોલ
મથે કરે–બુલંદ કરે
રાહી–તારી (ઇમામની) પાસે આવનારા

દરગાહી–તારી (ઇમામની) હજુરમાં રહેનારા અથવા પહોંચનારા

દર પોંચાએ–(રાહીઓને) તારી દરગાહમાં પહોંચાડ

સાજાએ–સભ્યતા હયા

ભંડાર–કોઠાર, જથો

બરકત–વધારો

કરજીયન–કરજદાર

કરજ લાએ–કરજમાંથી મુકત કરે

ફરજીઅન–ફરજદાર, જેના ઉપર કાંઇ કામ ઉકેલવાની ફરજ આવી પડી હોય તે

કારસાઝ થીએ–કારજ પુરા થાએ

દફે કરે–નાબુદ કરે

દરખાનેમેં–પોતાનું (ઇમામનું) રહેઠાણ હાઝર ઇમામનું પોતાનું રહેવાનું સ્થળ

સરાઇયું ખુશહાલીઉ વાધાયું કરે } ખુશી, ખુશહાલી; ને આબાદાની કરે

મન ધુરીયું–મનમાં ઇચ્છેલી

મુરાદું–ધારણા, ઉમેદ

હાંસલ કરે–પુરી કરે

બંધ ખલાસ કરે–છુટકારો કરે

સીગો–જલદી

સવારી કરે
પ્રગટ થીએ } ખુલી રીતે જાહેર થાય, જાહેરાતમાં આવે

આસાન કરે–દુર કરે

પૈદા કરે—ફેલાવે
રખી વંઠે—બચાવે
માહાદને—કીઆમત
ખએર—આબાદી
આઝાર કના—દુ:ખથી
વેનતી—આજીજી
દીઓ—આપો
ખટે—આવકમાંથી
પેટાંદ—તમે ખાઓ તેમાંથી
સાર સંભાર—ચોકકસ હીસાબ ગણીને
ઉછીનું—તમારા પરનું સરકારી લેણું
પાછીનું—સરકારી બાકી, (જે તમોએ ધારેલી હોય તે)
સારે—યાદ કરીને
સરકારમેં—હાજર ઈમામને
દીજો—આપજો
યાર—દોસ્તો મીત્રો
અલ્લાહ મરેહેઆ—ખુદા [તમારા પર] રહેમત કરે
મન ધુરીઉં—મનમાં ઇચ્છેલી, ધારેલી
મુરાદ—મનલબ, ઉમેદ
હાંસલ કનેઆ—પુરી કરે
શાહ ગરીબ મીરઝા—ગરીબનો મદદગાર, હાજર ઇમામ
ફઝલ—મહેરબાની

મૌલા–ધણી

ના–અમારા

મૌલાના–અમારા ધણી

સલવાત–(અલ્લા હુમા, સલ્લે અલા મહમદી વ આલે મહમદ)

અલ્લાહુમા–ઓ ખુદા

સલ્લે–આશિરવાદ મોકલ

અલા–ઉપર

મહમદ–નબી મહમદ

અલા મહમદ–નબી મહમદ ઉપર

આલ–ગાદીએ આવનાર

આલે મહમદ } નબી સાહેબની ગાદીએ આવનાર [ઉપર]

—:o:—

પાઠ ૧૭ મો.

દુઆ બંદગી

નીયત–ધારણા

ખએર–સારી ભલી

દુઆ નીયત ખએર–ભલી ધારણાની બંદગી

આકુબત–અંતકાળ, ભવીષ્ય

બીસે અમર પુઠીઆ–તારા હકની રૂએ

દરગાહ–હજુર

મૌલા–ધણી

ના–અમારા

મૌલાના-અમારા ધણી
ભલી-સારાઇ, સારાપણું
બતાઇએ-બતાવો, દેખાડો
બુરી-બુરાઇ
તજાઇએ-દુર રાખો, મુકાવો.
હર દો-એ બને
હાથ તુમારે-તમારા હાથમાં છે.

પાઠ ૧૮ મો.

મદદે અલી-અલીની મદદ
શફાયત-હીમાયત
શફાયતે-રસુલ, રસુલની હીમાયત
ઇતાયત-બંદગી
ઇતાયતે ખુદા-ખુદાની બંદગી કરે છે
હજરત-ખુદા
કબુલ-કઉલ
હજરત કબુલ-ખુદાનો કઉલ (છે)
પીર સતગુર નુર-ઇસ્માઇલી ઇમામ તરફથી બોધ કરવા આવેલ સાતમા પીરનું નામ છે (જુઓ પીરોની ટીપ)
પીર શમ્સ-ઇસ્માઇલી ઇમામ તરફથી બોધ કરવા આવેલ ત્રેવીશમા પીરનું નામ છે જુઓ [પીરોની ટીપ]

ચોટ—પ્રસિદ્ધ

પીર શમ્સ ચોટ—પ્રખ્યાત પીર શમ્સ

પીર સદરદીન—ઇસ્માઇલી ઇમામ તરફથી બોધ કરવા આવેલ છવીશમા પીર (જુઓ પીરોની ટીપ)

પીર હસન કબીરદીન—ઇસ્માઇલી ઇમામ તરફથી બોધ કરનાર સતાવીસમાં પીરનુ નામ (જુઓ પીરોની ટીપ)

એણે કલમે કલમું—આવી રીતે (નીચે મુજબ)નું કલમુ

પાક—પવીત્ર

અશહદો—હું સાક્ષી આપું છું.

અન=કે

લા—નથી

ઇલાહા—ખુદા

ઇલ્લા—સિવાય

અલ્લાહ—ખુદા

લા ઇલાહાઇલલ્લા—ખુદા સિવાય (બીજો) ખુદા નથી

અશહદો—હું સાક્ષી આપું છું.

અન્ન—કે

મહમદ—નબી મહમદ

રસુલ—પેગમ્બર

અલ્લાહ—ખુદા

મહમદ રસુલલ્લાહ—મહમદ ખુદાનો

પેગમ્બર છે,

અશહદો—હું સાક્ષી આપું છું.

અમીર—સરદાર

મોમનીન સાચા દીનદારોનો

અલી—અલી

સહી—સાચો

અલ્લાહ—ખુદા

અમીરલ મોમનીન } સાચા દીનદારોનો સરદાર
અલી સહી અલ્લાહ } અલી સાચો ખુદા છે.

હુએ—છે

ઝીંદાહ—જીવતો, હયાત

હુએ ઝીંદાહ—તે હયાત છે,

કાયમ—હંમેશને માટે

પાયા—પામ્યા છીએ

કાયમ પાયા—અમે તેને હમેશને માટે પામ્યા છીએ

ખુલાસો:—"હુએ ઝીંદાહ" અને "કાયમ પાયા" આ બે વાકયો એમ બતાવે છે કે ઇમામનું નુર હમેશા હયાત અને કાયમ છે.

—:o:—

પ્રકરણ ૫ મું.

દુઆની માયના.

પાઠ ૧ લો.

દુઆ પડો દુઆ પડો=થી તસબી
(પીર શાહની સુધી)
અલીની મદદ સાથે (શરૂ કરૂં છું.)
(તમે) બંદગી કરો. બંદગી કરો. બંદગી કરો.
ખુદાતાલા (તમારા) ઉપર રહેમત કરે
ખુદાના નામનું સ્મરણ કરો. મૌલાઅલી તમને એકીન અને હયા બક્ષે

ઓ શાહ, તારી સત્તાની રૂએ મારી સાંજની બંદગી અને આજીજી, તારી હજુરમાં કબુલ કર. ઓ અમારા ધણી આગા સુલતાન મહમદ શાહ.

(૨)

ત્યાર બાદ તસબી પીર શાહની
કાઢીને સુજીદો દેવો.

[પછી તમારે સુજીદો દેવો]

પાઠ ૩ જો.

હું [મારા પાપને માટે] તોબા કરૂ છું. તોબા કરૂં. છુ [હું[તકસીરદાર બંદો માથાથી તે પગ સુધી ગુનેહગાર છું. એ માહરી બક્ષનાર શાહ, તું [મને] માફ કર, પીર બંદગી કરે છે, બંદો આજીજી કરે છે સચો શાહ કબુલ કરે છે. પીરે કહેલા શાહના ફરમાનને [હું તાબે થાઉં છું.]

[ઉપર મુજબ બોલ્યા પછી, તસબી જમીન પર મુકવી, પછી આ પ્રમાણે બોલવું]

ખરેખર કહું છું [કે] ખુદા પાક છે. ખુદાનો અહેસાન માનું છું. બધા વખાણ ખુદાના છે, ખુદા સિવાય બીજો ખુદા નથી ખુદા સઉથી મોટો છે. ખુદા સિવાય કોઇને શકતિ કે સતા નથી કે જે અલી બુલંદ દયાળુ, કૃપાળુ, રોજી આપનાર, મહાન, મોટો, પવિત્ર, પાલણ કરનાર ઇરાન દેશમાં આવેલા દેહલમ પરગણા મધ્યે, મનુષ્ય અવતારમાં છે. [અને તે] સીતોતેર પાત્રો [વડવાઓ] માંથી ઉતરી આવેલ છે. દશમો **નકલંકી અવતાર, અડતાલીશમો ઇમામ, આપણો ધણી આગા સુલતાન મહુમદ શાહ દાતાર.**

[પછી તમારે સુજદા દેવો]

પાઠ ૪ થા.

(વિસનાપુરી તથા ઈમામોના નામો વગેરે)

પછી "હક યા શાહા" બોલો, એટલે ઓ શાહ (હાજર ઇમામ) તું સાચો છે. અને [વિષ્ણુના વડવાઓના નામો અને શાહના વારસોના નામો બોલો.

વિષ્ણુના વડવાઓનાં નામો.

ખુદા કે જે ત્રણ કરણ (ચાર જુગ અને ચાર કલપની અગાઉ થઇ ગએલા ત્રણ મોટા જમાના) માં હયાત હતો, તે ખુદાનાં નામો તથા અવતાર અને તેમના થઇ ગએલા વડવાઓ.

ત્રણ કરણમાં થએલા ખુદાના સતર. અવતારો.

૧ અહુણાદ	૧૦ તેજ
૨ અલખ	૧૧ જળ
૩ નામનીલ	૧૨ કમળ
૪ અનીલ	૧૩ અધણુધ
૫ સુન	૧૪ જાગ
૬ સાન	૧૫ તત્વ
૭ નાન	૧૬ પ્રેમ તત્વ
૮ ગીનાન	૧૭ આદ પુરૂષ
૯ નુર	

ખુદા આદ પુરૂષના નાભ કમળમાંથી[નીચેને અનુક્રમે] શરિરીક રૂપમા જાહેર થયો.

અહુનાદ પહેલાં શું હતું તેના સબંધમાં વિગતવાર હકીકતો અજાણુ છે.

ચાર કલપમાં થએલા ખુદાના દશ અવતારો

૧ કલપ જાએલા

૧ હવ — ૩ ધરમ

૨ કવ — ૪ કેશવ

૨ કલપ ફ્રાએલા

૫ તવણાદ — ૬ ઊતરા

૭ હરીતક

૩ કલપ અરજા.

૮ પરૂરવા — ૯ અંત અતીત

૪ કલપ ખલીફા

૧૦ પ્રેમરૂખ

પ્રેમરૂખ પછી મચ્છનો જન્મ થયો (૧)

૧ મચ્છના અવતાર પછી (જે પાત્રો થયા તેના નામ)

૧ મતાએક — ૨ અજમેર

૩ અગરસેન — ૬ અસુઅમિતર

૪ એછાઊત — ૭ પઊતર

૫ ભરેસપત — ૮ પડવીર

[અને] તેનાથી કોરભનો જન્મ થયો (૨)

૨ કોરભનાં અવતાર પછી (જે પાત્રો થયા તેના નામ)

૯ ભિસરીયાત	૧૨ અગરસેવ
૧૦ દિપ્મીઆત	૧૩ કદીમ
૧૧ પ્રજાપત	૧૪ દોએલ

[અને] તેથી વારાહનો જન્મ થયો (૩)

૩ વારાહના અવતાર [પછી જે પાત્રો થયા તેના નામ]

૧૫ કેસવ	૧૯ ખલીફત
૧૬ ખત્રીવસ	૨૦ ગોતમ
૧૭ અસાવ	૨૧ અંત
૧૮ ઉનસ	૨૨ હરીતક

[અને] તેનાથી નરસીહનો જન્મ થયો (૪)

૪ નરસિંહના અવતાર પછી જે પાત્રો થયા તેના નામ)

૨૩ મનાએક	૨૬ કેશવઢણુ
૨૪ કઉચક	૨૭ કેશ રૂખ
૨૫ રેપક	

[અને] તેનાથી વાએમનનો જન્મ થયો (૫)

૫ વાએમનના અવતાર પછી (જે પાત્રો થયા તેના નામ)

૨૮ માનધાતા	૩૦ એશરીન
૨૯ પ્રથમી જએ	૩૧ જવલગન

[અને] તેનાથી ફરસીરામનો જન્મ થયો (૬)

૬ ફુડસીરામના અવતાર પછી (જે પાત્રો થયા તેના નામ)

૩૨ રૂગ
૩૩ તુગ
૩૪ જુજેઆત
૩૫ કુંભ
૩૬ અલીક
૩૭ અજેપાલ
૩૮ દસરથ

[અને] તેનાથી રામનો જન્મ થયો (૭)

૭ રામના અવતાર પછી (જે પાત્રો થયા તેના નામ)

૩૯ પદમ
૪૦ જશવંતણુ
૪૧ વીરપાર
૪૨ વાસુદેવ

[અને] તેનાથી શ્રી કૃષ્ણજી કાનનો જન્મ થયો (૮)

૮ શ્રી કૃષ્ણજીના અવતાર પછી (જે પાત્રોથયા તેના નામ)

૪૩ પરીક્ષન
૪૪ જનમેજય
૪૫ સેસાનંદ
૪૬ સતાનંદ
૪૭ રૂવસ્થાન
૪૮ બુધસ્થાન
૪૯ વીણુ વછરાજ

[અને] તેનાથી બુધનો જન્મ થયો (૯)

૯ બુધના અવતાર પછી (જે પાત્રો થયા તેના નામ)

૫૦ શીશ
૫૧ સામ
૫૨ સલામ
૬૪ કીનાને
૬૫ નઝર
૬૬ માલેક

૫૩ મલકાન
૫૪ એસલામ
૫૫ હારૂન
૫૬ સમઉનસફા
૫૭ અદનાન
૫૮ માઅદ
૫૯ નીઝાર
૬૦ મુદર
૬૧ એલીઆસ
૬૨ મુધરક
૬૩ ખુઝેમા
૬૭ ફહર
૬૮ ગાલેબ
૬૯ લુવે
૭૦ કઅબ
૭૧ મુરે
૭૨ કીલાબ
૭૩ કુસે
૭૪ અબ્દુલ મુનાફ
૭૫ અબુ હાસમ
૭૬ અબ્દુલ મુતલબ
૭૭ અબુતાલેબ વલી

[અને]તેનાથી શાહ મૌલા મુરતજાઅલીનો જન્મ થયો ૧૦

શાહી (ઇમામતની) ગાદીએ આવનારના નામો.

(હું અબુ તાલબવલીના પછી પ્રગટ થયેલા ઇમામોના નામો બોલું છું)

(ઇમામના નામો પાના ૩૫ થી ૩૮ માં આપેલ છે અને તે મુજબ હજરત મૌલા મુરતજાઅલીથી હાલના માલેક હજરત મૌલાના ધણી સલામત દાતાર આગા સુલતાન મહુમદશાહ દાતાર સુધીના નામો બોલવા*)

---

*અરબીમાં નામ પાછળ બીન મુકી પિતાનું નામ મુકવામાં આવે છે જેમ કે:—

૪૯ મૌલાના આગા સુલતાન મહુમદશાહ બીન અલીશાહ બીન હસનઅલી બીન ખલીલલ્લાહ અલી,

અડતાલીસમાં ઇમામ આપણા સાચા ધણી **આગા સુલતાન મહુમદશાહ દાતાર**, તે ઇમામતના માલેક, જમાનાના ધણીને સરેવો. ઓ ઇમામ રાહબર, ભોમીઆ-ઓને પણ રસ્તો દેખાડનાર, સતાના ધણી. **આગા સુલતાન મહુમદશાહ દાતાર.** અસંખ્ય કરોડો જીવોને મુકત કરનાર. ઇમામતના હાલના માલેક, તારા હકની રૂએ, તારી હજુરમાં [અમારી આજીજી] કબુલ કર ઓ. અમારા ધણી. **આગા સુલતાન મહુમદશાહ.**

[અહીંઆ તમારે સુજદો દેવો]

પાઠ ૫ તથા ૬ ડો.

ઓ ખુદા ઓ અમારા ધણી, તુંજ સલામત છે, ને સલામતી પાછી તારામાંજ સમાવાની છે અને હજારો [અસંખ્ય] સલામતીઓ તારા ઉપર આધાર રાખે છે. ઓ અમારા પાલણહાર અમને સલામતી સાથે હયાત રાખ અને અમને સલામતીના ઘરમાં દાખલ કર, ઓ અમારા પાલણહાર, તું બરકતદાર અને બુલંદ છે, ઓ કીરતીવાન અને મોટા મનના ધણી.

[આટલું દરેક ભાગની પાછળ બોલવું.]

તારી મહેરબાનીથી તું દયા કર, એ અમારા ધણી;

*   *   *   *

રેહમ અને કૃપા કર, એ અમારા ધણી;

તારા શિવાય કોઇને શકિત કે સતા નથી એ અમારા ધણી;
જલ્દી જલ્દી તું [અમારી] અરજને પહોચ, એ અમારા ધણી;

———:o:———

પાંચ ભાગની બંદગીની પુરવણી.

એ ખુદા! એ અમારા ધણી! તારી તરફની મને મદદ છે, અને તારા ઉપર મારો ભરોસો છે તારીજ અમે બંદગી કરીએ છીએ. અને તારીજ મદદ માંગીએ છીએ. એ મદદ આપનાર મુળ પુરૂષ અલી મારી વારે આવ એ અલી, તારી છુપી રહેમતથી મારી મદદે પહોંચ. મને [નેક] બદલો આપ મારા ઉપર દયા કર. મને આશીરવાદ આપ. અરબસ્તાનમાં રહેનારો નબી મહમદ સાચો છે અલી મહમદ એકજ ખુદાઇ [નુર] [એમ] ખરેખર ઓળખનારની બલા નાબુદ થાય છે.

ખુદા શિવાય બીજો ખુદા નથી,

મહમદ ખુદાનો પેગમ્બર છે.

ખરા દીનદારોનો સરદાર અલી સાચો ખુદા છે, સરસ હિમાયતી છે [તે] ખુદા અમારા માટે સમ્પુર્ણ છે

ને (તે) મારો મદદગાર છે, ઓ અમારા પાલણહાર, તારી પાસે અમો પાછા આવનારા છીએ, ઓ શાહ, પાંચ ભાગની [અમારી] વિનંતી તારા હકની રૂએ, તારી હજુરમાં તું કબુલ કર, ઓ અમારા ધણી આગા સુલતાન મહમદશાહ.

———:૦:———

[અહીંઆ તમારે સુજદો કરવો.]

[૬]

પછી એક બીજાના પંજા [હાથ] લઈ 'શાહ દીદાર' એટલે "આપણે શાહને જોઇએ છીએ" એમ બોલો, અને સુજદો કરો.

પાઠ ૭ મો.

[પછી તસબી કાઢી નીચે મુજબ બોલવું.]

અલી ખુદા છે. ઓ શાહ તારી તરફ આવનાર રાહદારી [મારગે ચાલનાર] ને, અને જેઓ તારી હુજુરમાં છે તેઓને અને જેઓ તમારી તરફ પ્રેમ ધરાવે છે તેઓને અને જેઓ પંજેભાઇઓ [ધારમીક મંડળીના મેમ્બરો] છે. તેઓને તું તારા દીદાર નસીબ કર. ઓ શાહ તારા હકની રૂએ તારી હજુરમાં (અમારી વિનંતી) તું કબુલ કર.

ઓ અમારા ધણી આગા સુલતાન મહુમદ શાહ

[આ ઠેકાણે તમારે સુજદો દેવો]

પાઠ ૮ મો.

અલી ખુદા છે. ઓ શાહ, [અમારી પર] મેહેરબાની અને દયા કર (અમારી) સઘળી બલાઓ દુર કર. જીવતાઓને આબાદ રાખ તારી રાહમાં ફના થએલા આત્માઓને મુક્તિ આપ. જેઓના શરીર ભાંગી ગયા [જેઓ મરણ પામ્યા] તેઓના જીવને સારા સ્થળમાં જગા આપ. ભલાઇ જાહેર કર. બુરાઇને દુર કર. ઓ શાહ. સાંજની બંદગીના પ્રતાપે, અમારી વિનંતી, તારા હકની રૂએ, તારી હજુરમાં કબુલ કર. ઓ અમારા ધણી **આગા સુલતાન મહુમદશાહ.**

(અહીંઆ તમારો સુજદો દેવો.)

(સુજદામાં આમ બોલવું.)

ઓ શાહ, પીરો (બોધ ગુરૂ) વકીલો (અધીકારીઓ) આખી જમાત, માતા—પીતા, સગાં વહાલાંઓ, જીવતાઓ અને મુએલાંઓ, અને (સઘળા) તારા સેવકો, માથાથી પગ સુધી પાપી છીએ. ઓ શાહ, બખશણહાર, તું અમોને માફ કર.

પાઠ ૯ મો.

કૃપાળુ અને દયાળુ ખુદાના નામથી (શરૂ કરૂં છું.)

[૧] ખુદા સિવાય બીજો ખુદા નથી જે હયાત અને કાયમ (હમેશાં) રહેનારો છે.

[૨] ખુદા સિવાય બીજો ખુદા નથી, જે. સાચો અને પ્રત્યક્ષ (જાહેર) બાદશાહ છે.

[૩] ખુદા સિવાય, બીજો ખુદા નથી, જે ચોકસ અને ખરેખર બાદશાહ છે.

[૪] ખુદા સિવાય બીજો ખુદા નથી જે, કીઆમતના દીવસોનો ધણી છે.

[૫] ખુદા સિવાય બીજો ખુદા નથી, જે, મોટો અને બુલંદ છે.

[૬] ખુદા સિવાય બીજો ખુદા નથી જે, ધૈર્યવાન અને ઉદાર છે.

[૭] ખુદા સિવાય બીજો ખુદા નથી જે સાત આસમાનનો પાલણુહાર છે અને સાત જમીનનો પાલણુહાર છે અને તેઓની (સાત આસમાન અને સાત જમીનની) અંદર જે છે, તેનો પાલણુહાર છે અને તેઓની (સાત આસમાન તથા સાત જમીનોની) વચ્ચે

જે છે, તેનો પાલણહાર છે, અને સઉથી મ્હોટી અને ઉંચી અરસ કુરસીનો પાલણહાર છે.

[૮] ખુદા સિવાય, બીજો ખુદા નથી, મહમદ ખુદાનો પેગંબર છે અને સાચા દીનદારોનો સરદાર અલી ખરેખર ખુદા છે.

ખરેખર, મહાન ખુદાની પાસે હું માફી માગું છું. અને હું તેના વખાણ કરૂં છું હું માફી માગું છું ખુદાની, જે મારો પાલણહાર છે. અને હું તેની પાસે તોબા કરૂં છું (મારા પાપનો પશ્ચાતાપ કરૂં છું) તારા સિવાય બીજો ખુદા નથી. તું પાક છે ખરેખર હું પાપી છું.

અલી સિવાય, કોઇ શુરવીર નથી
ઝુલફીકાર સિવાય, કોઈ તલવાર નથી.

(૧) સાદ કરો [યાદ કરો] અલીને જે કુદરતનો કરનાર છે, તને માલમ પડશે કે તારી મુસીબતોમાં તે (અલી) તારો મદદગાર થશે. અલીની મદદથી સઘળાં દુઃખ અને મુશ્કેલીઓ દુર થશે. ઓ અલી, ઓ અલી, ઓ અલી.

ખુલાસો.

ખેબરના કિલ્લાની યાહુદી કુફ્ફારો સામેની લડાઇમાં, જ્યારે હઝરત નબી મહમદ મુસ્તફા સંકટમાં આવી

પડયા, અને સઘળા અસહાબો અને લશ્કરે નાસવા માંડયું, ત્યારે નબી સાહેબ ઘણી ચીંતામાં પડયા હતા, આ વખતે જીબરાઇલે આ શબ્દો [નાદે અલીયન, વગેરે] નબી સાહેબને કહ્યા હતા નબી સાહેબે હજરત અલીને યાદ કર્યા. હજરત અલીએ આવીને, ખેબરનો કિલ્લો ફતેહ કરી, કાફરોને ઠાર કર્યા. ખેબરના કિલ્લાનો દરવાજો, જે વજનમાં કેટલાક હજારો મણનો હતો, અને તે હજરત અલીએ એક હાથે ઉખેડી નાંખ્યો, અને તે દરવાજો ખાઇ ઉપર માંડીને તે ઉપરથી પોતાનું લશ્કર કિલ્લામાં લઇ ગયા. નબી સાહેબે તે કિલ્લો ચાલીસ દીવસની અંદર જીતવાને કાફરો પાસે સુકન બોલ્યાં હતા, પણ છેલ્લા દિવસ સુધી કોઇ પણ તે અભેદ કિલ્લો જીતી શકયું નહિ. પણ હજરત અલીએ પોતાના મહાન ઇશ્વરી બળથી, અર્ધા દિવસમાં તે કિલ્લો તાબે કીધો.

પાઠ ૧૦ મો.

પાંચ પવિત્ર તનને લગતી બંદગી.

માનવંતા પેગમ્બર, મહમદ મુસ્તફા એના ઉપર ખુદાના આશીરવાદ અને શાંતી હોજો મહાન ધણી મુરતઝાઅલી. શાબાનુમાન બીબી ફાતમા (મોટો ખુદા તેના ઉપર રાજી રહે) માનવંત ઇમામ હસન મહાન ઇમામ હુસેન.

ઓ શાહ, તારા હકની રૂએ, પાંચ પવિત્ર તન (જણ)ને લગતી બંદગીની વિનંતી તારી હજુરમાં કબુલ કર, એ અમારા ધણી, આગા સુલતાન મહમદ શાહ

(અહિંઆ) તમારે સજદો દેવો

પાઠ ૧૧ મો.

પછી [તમારે] સઘળા પીરો માટે બંદગી કરવી. તેમાં પીરોની પુઠીઉં (ગાદીદાર પીરોના) નામ પડો.

*(૦) પહેલા પીર } **નબી મહમદ મુસ્તફા** (તેના ઉપર ખુદાના **આશીરવાદ** અને શાંતી હોજો.)

---

*નબી મહમદ મુસ્તફા પહેલા પીર છે. અને ત્યાર પછી પીરનો જોમો ઇમામ હસનને મળેલ છે. હજરત મૌલા મુરતઝા અલી, એ વીશ્નુનો દશમો નકલંકી અવતાર છે. તેઓ પહેલા ઇમામ છે. અને ત્યાર બાદ, ઇમામ હુસેન બીજા ઇમામ છે. (૦) હજરત અલીની ગાદી પર આવનારા ઇમામો "શાહ" કહેવાય છે ચાલુ જમાનાના ઇમામ હોય તે હાજર ઇમામ કહેવાય તે જેને પીરનો જોમો (હુદો) આપે તે પીર કહેવાય છે.

(૨) ઇમામ હુસન

(બીજા પીરોના નામ ધુઆના આ ભાગમાંથી જોઇ લેવા.)

(૪૯) તમામ પીરોના પીર આપણા ધણી આગા **સુલતાન મહુમદ શાહ** ઇમામતના હાલના માલીક.

એ પાલણહાર ધણી, સત્યવંતી બીબી ફાતમાની વાડીના બે ગુલાબના ફુલો (હજરત ઇમામ હુસેન તથા ઇમામ હસન)ની ખાતર, પેગમ્બરની દીકરી બીબી ફાતમાની ખાતર, અમને માફ કર. એ શાહ, તારા હકની રૂએ સઘળા પીરોને આશીરવાદ દેવા માટેની અમારી બંદગી અને વિનંતી, તારી હજુરમાં કબુલ કર એ અમારા ધણી આગા સુલતાન મહુમદશાહ દાતાર.

પાઠ ૧૨ મો તથા ૧૩ મો.

(૧૨)

બધા પીરો, બાર ગુરૂ [પીર સદરદીન] ખુદાના દોસ્તો, પેગમ્બરો સાત લાખ હુસેનીઓ (ખુબ એટલે સારા), (એક લાખ ચોવીશ હજાર પેગમ્બરની અઓલાદ) એક લાખ ચોવીશ હજાર પેગમ્બરો સઘળાના આત્માને (આશીરવાદ) આપવા માટેની અમારી વિનંતી, એ શાહ, તારા હકની રૂએ, તારી હજુરમાં કબુલ કર એ અમારા ધણી આગા સુલતાન મહમદ શાહ.

(અહીંઆ તમારે સુજદો દેવો)

(૧૪)

પછી પંજતન પાકના નામની તસબી ફેરવવી.

(અને ત્યાર પછી, સુજીદો આપવો)

પાઠ ૧૫ મો.

(અમારી) ભલી ધારણાઓની બંદગી

અમારો અંતકાળ સારો કરજે હમણાં અને ભવિષ્યમાં ભલું કરજે દુનીઆ અને આખેરતમાં સારૂં કરજે. આઠ પહોર અને ચોસઠ ઘડી (રાત દિવસ) ભલાઇ અને આબાદી સાથે પસાર કરજે. રસ્તામાં અને મનજલમાં રાહદારીઓનું, તારી તરફ આવનારઓનું અને તારી તરફ પહોંચનારનું પંજેભાઇઓ (ધારમીક મંડળીકના મેમ્બરોનું, અધીકારીઓનું તારા તલબગારોનું, અને બધી જમાતનું ભલું કરજે. ગાદીએ આવનાર પીરો અને અલીના પરીવારનું સારૂં કરજે. ઓ અલી અમોને જુલમગારોથી બચાવ, ઓ અલી જેઓને તારી હયા નથી, તેઓથી અમોને દુર રાખ ઓ અલી તું ભલું કરજે. તારા હકની રૂએ, ભલાઇ બાબેની (અમારી) અરજી તારી હજુરમાં કબુલ કર.

ઓ અમારા ધણી; આગા સુલતાન મહમદ શાહ દાતાર.

(અહીંઆ) તમારે સુજીદો દેવો.

પાઠ ૧૫ તથા ૧૬ મો.

સુજીદામાં આમ બોલવું,

(૧) સુજીદો દીયો, ખુદા (તમારા પર) રહેમત કરે, (તમે માંગો) કે આપણા સઘળાની મુશ્કેલીઓ અલી, મહમદ દુર કરે.

(૨' સુજીદો દીઓ ખુદા, (તારા પર) રહેમત કરે, (તમે માંગો) કે મોલા આપણો સતનો કોલ અથવા બઇઅત કબુલ કરે.

(૩) સુજીદો દીઓ, (ખુદા તમારા પર) રહેમત કરે (તમે માંગો કે મોલા ગુર પીરનો બોલ બુલંદ કરે.

(૪) સુજીદો દીઓ (ને માંગો) કે મોલા પોતાની તરફ આવનારા તથા પોતાની હજુરમાં પહોચનારાને પોતાની આસ્તાને પહોંચાડી પોતાના દીદાર નસીબ કરે.

(૫) સુજીદો (ને માંગો) કે મોલા બાર ગુર (પીર સદરદીન)ના પરીવારને સભ્યતા બખશે.

(૬) સુજીદો દીઓ (ને માંગો કે) મોલા અનાજ પાણીના ગંજ (જથા)માં બરકત (વધારો) નાંખે.

(૭) સુજીદો દીઓ (ને માંગો) કે મોલા દેવાદારોને કરજમાંથી મુક્ત કરે અને જેઓના ઉપર ફરજ પડી હોય, તેઓના કારજ ઉકલાવી આપે.

(૮) સુજીદો દીઓ (ને માંગો) કે મોલા દીનના દુશ્મનોને નાબુદ કરે.

(૯) સુજીદો દીઓ (ને માંગો) કે મૌલા પોતાના રહેઠાણમાં ખુશી ખુશીહાલી અને આબાદાની પ્રવર્તાવે.

(૧૦) સુજીદો દીઓ (ને માંગો કે મૌલા રાજઓને રાજ બખશે અને પ્રજાઓને સુખ આપે.

(૧૧) સુજીદો દીઓ (ને માંગો કે) મૌલા બધી જમાતની મનમાં ધારેલી (નેક) ઉમેદો પુરી કરે.

(૧૨) સુજીદો દીઓ (ને માંગો) કે મૌલા કેદીઓનો છુટકારો કરે.

(૧૩) સુજીદો દીઓ (ને માંગો) કે મૌલા જલદી પોતે ખુલ્લી રીતે જાહેર થાય (જાહેરાતમાં આવે.)

(૧૪) સુજીદો દીઓ (ને માંગો) કે મૌલા (આપણી) મુશ્કેલીઓ દુર કરે આબાદી ફેલાવે, અને રોજ કીઆમતના દુ:ખમાથી બચાવે.

(૧૫) સુજીદો દીઓ, ખુદા (તમારા પર રહેમત કરે, (તમે માંગો) કે અલી મહમદ બધી જમાતની આજીજી કબુલ કરે.

તમારી આવકમાંથી તમે ખાઓ તેમાંથી બરાબર હીસાબ ગણીને આપો તેમજ તમારા પરનું સરકારી લેણું, તથા સરકારી બાકી (જે તમોએ ધારેલી હોય તે) યાદ કરીને, હાજર ઇમામને આપજો મૌલાઅલી તમારા મનની મુરાદ પુરી કરે. આપણો ધણી આગા સુલતાન મહમદ શાહ પોતાના દીદાર તમને નસિબ કરે.

પછી તસબી લઇને "શાહ ગરીબ મીરઝા" એમ પડો એ અમારા ધણી મુરતજાઅલી અમારા પર મહેર-બાની બક્ષ અલી ખુદા છે,

(પછી સુજદો દીઓ)

૧૬

(પછી) આગા અલીશાહે ફરમાવ્યું તે મુજબ તસબી કાઢો. "એ અલી" ૧૪ વાર અને સલવાત ૧૪ વાર.

સલવાત.

અલ્લાહુમાં, સલ્લે અલા મહમદી વ આલે મહમદ

પછી સુજદો આપો.

પાઠ ૧૭ મો.

દુઆ નીયત ખએર—એટલે ભલી ધારણાની બંદગી,

ભલી ધારણાની બંદગી—અમારો અંતકાળ સારો હોજો એ અલી, તું ભલું કરજે, એ શાહ, તારા હકની રૂએ, ભલાઈ બાબેની અમારી આજીજી, તારી હજુરમાં કબુલ કર, એ અમારા ધણી **આગા સુલતાન મહમદશાહ.**

(અહીંઆ તમારે સુજદો કરવો)

(સુજદામાં આમ બોલવું.)

સારાઇ બતાવે; બુરાઇથી દુર રાખો એ બંને તમારા હાથમાં છે.

પાઠ ૧૮ મો.

પછી કલમો પડો,

અલીની મદદ, અને પઇગમ્બરની હીમાયત તેઓને માટે છે, જે ખુદાની બંદગી કરે છે, એવો ખુદાઇ કઉલ છે, પીર સતગુર નુર દાદ ચાહે છે. પ્રખ્યાત પીર શમ્સ દાદ ચાહે છે. પીર સદરદીન દાદ ચાહે છે.

પીર હસન કબીરદીન; દાદ ચાહે છે. તથા બીજા પીરો, આપણા હાજર ઇમામ, ધણી આગા સુલતાન મહમદશાહ દાતાર પાસે દાદ ચાહે છે.

નીચે મુજબનો કલમો પવિત્ર છે.

હું શાક્ષી આપું છું કે ખુદા સિવાય બીજો ખુદા નથી અને હું સાક્ષી આપું છું કે મહમદ ખુદાનો પેગમ્બર છે અને હું સાક્ષી આપું છું કે સાચા દીનાદારોનો સરદાર અલી ખુદા છે.

તે હયાત છે.

(આપણે તેને) હમેશને માટે પામ્યા છીએ

[અહીંઆ દુઆ પુરી થાય છે.]

સમાપ્ત.